# માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક પ્રયોગોનો કેસસ્ટડી


**માર્ગદર્શક**
કે.ટી.પોરાણિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ઇડર

**સંશોધક**
આર. એલ. જીતપુરા
લેક્ચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ઇડર


**વર્ષ-2020-21**


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઇડર
લાલોડા રોડ, મુ.પો. ઇડર, જિ. સાબરકાંઠા

# ઋણ સ્વીકાર

સંશોધન ઘણાંબધા લોકોની ફલશ્રુતિનું પરિણામ છે. કોઇ એક વ્યક્તિના પ્રયાસથી સંશોધન કાર્ય પૂર્ણ થઇ શકતું નગી. વ્યક્તિઓના સમૂહ અને સહકાર દ્વારા જ કોઈપણ સંશોધનકાર્યને સફળતાપૂર્વક હાથ ધરી શકાય છે. પ્રસ્તુત સંશોધન સાથ સહકાર આપનાર સૌનો ઋણ સ્વીકારતા હું ધન્યતાની લાગણી અનુભવું છું.

આ સંશોધન જેમની પ્રેરણાથી શક્ય બન્યું તેવા જી.સી.ઈ.આર.ટી.ના માન. નિયામકશ્રી ડૉ. ટી.એસ.જોષી સાહેબનો અનુદાન તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડવા બદલ હું આભાર માનું છું.

પ્રસ્તુત સંશોધનમાં માર્ગદર્શન આપવા બદલ ભવનના પ્રાચાર્યશ્રી કેટી.પોરાણિયા સાહેબનો હું આ તકે આભાર વ્યકત કરું છું

પ્રસ્તુત સંશોધનમાં સાથ સહકાર આપનાર તથા કોવિડ-૧૯ અને લોકડાઉન જેવી અસાધારણ પરિસ્થિતિમાં શાળાઓમાં શૈક્ષણિક કાર્યને આગળ ધપાવવા કરેલ નવતર પ્રયોગો કરનાર શાળાના મુખ્ય શિક્ષક અને અન્ય શિક્ષકો હું સૌનો આભાર વ્યક્ત કરું છું

આ ઉપરાંત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ સંશોધનમાં સહાયરૂપ બનનાર સર્વેનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

**સંશોધક**
**આર.એલ.જીતપુરા**
લેકચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
ઇડર

# અનુક્રમણિકા


**પ્રકરણ 1** .......... 4

**સમસ્યા કથન અને શબ્દોની વ્યાખ્યા** .......... 5

**1.0** પ્રાસ્તાવિક .......... 5

**1.1** શીર્ષક .......... 6

**1.2** સમસ્યાકથન .......... 6

**1.3** શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ .......... 7

**1.4** અભ્યાસના હેતુઓ .......... 8

**1.5** અભ્યાસના પ્રશ્નો .......... 9

**1.6** અભ્યાસનું મહત્ત્વ .......... 9

**1.7** અભ્યાસની મર્યાદા .......... 10

**1.8** હવે પછીના પ્રકરણોનું આયોજન .......... 11

**પ્રકરણ 2** .......... 12

**સંશોધન યોજના** .......... 12

**2.0** પ્રસ્તાવના : .......... 12

**2.1** સંશોધનનું વ્યાપવિશ્વ : .......... 13

**2.2** નમૂના પસંદગી : .......... 13

**2.3** સંશોધનનાં ક્ષેત્રો : .......... 14

**2.4** સંશોધનનો પ્રકાર .......... 14

**2.5** સંશોધન પદ્ધતિ : .......... 15

**2.6** ઉપકરણ વિગત : .......... 16

**2.7** માહિતીનું એકત્રીકરણ : .......... 16

**2.8** માહિતીનું પૃથક્કરણ અને સમીક્ષા : .......... 16

**પ્રકરણ 3** ........ 18

**માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન** ........ 18

**3.0** પ્રસ્તાવના : ........ **18**

**3.1** કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળામાં હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન ........ **19**

**3.1.1** માલપુર તાલુકાની કાનેરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન ........ **19**

**3.1.2** માલપુર તાલુકાની ભુતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન **27**

**3.2** ઉપસંહાર : ........ **48**

**પ્રકરણ 4** ........ 49

**સંશોધન સારાંશ, તારણો અને ભલામણો** ........ 49

**4.0** પ્રસ્તાવના : ........ **49**

**4.1** સંશોધન સારાંશ : ........ **50**

**4.2** તારણો : ........ **50**

**4.3** ભલામણો : ........ **53**

**4.4** ઉપસંહાર : ........ **54**

સંદર્ભ સૂચિ ........ **55**

પરિશિષ્ટ-1 ........ **56**

# સારણીસૂચિ

સારણી : **3.1**........................................................................................................ **19**

કાનેરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા................................ **19**

સારણી : **3.2**........................................................................................................ **27**

ભુતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા................................ **27**

# પ્રકરણ 1

# સમસ્યા કથન અને શબ્દોની વ્યાખ્યા

## 1.0 પ્રાસ્તાવિક

કોરોના વાયરસને કારણે સમગ્ર વિશ્વમાં ફેસાયલે કોવિડ ૧૯ની મહામારીને કારણે શિક્ષણ જગતમાં પણ ધરમૂળથી ફેરફાર કરવાની જરૂરિયાત ઉપસ્થિત થઇ છે. આ મહામારીને કારણે વર્ગખંડ શિક્ષણના વિકલ્પો શોધવાની ફરજ પડી છે. સમગ્ર ભારતમાં એપ્રિલ ૨૦૨૦માં જાહેર કરાયેલ ૨૧ દિવસના લોકડાઉનને કારણે કે.જી. ટુ પીજી સુધીનું શાળા શિક્ષણ બંધ કરવામાં આવ્યું. શિક્ષણ ક્ષેત્રમાં હાલ ટેકનોલોજીએ ચમત્કાર કરી દીધો છે. વિધાર્થીઓ, શિક્ષકો, વાલીઓ વગેરે સહિત તમામ વર્ગ ઓનલાઇન શિક્ષણમાં મદદરૂપ જુદી જુદી એપ્લિકેશન માઇક્રોસોફ્ટ ટીમ્સ, ઝૂમ, ગૂગલ મીટ વગેરેનો ઉપયોગ કરતા થયા છે. આ ઓનલાઇન પ્લેટફોર્મના માધ્યમને કારણે સ્થગિત થયેલ વર્ગખંડ શિક્ષણનો જાણે પુનઃજન્મ થયો હોય તેવું લાગે છે. ગત વર્ષથી શાળાઓમાં પ્રત્યક્ષ વર્ગખંડ શિક્ષણ કાર્ય લગભગ નહિવત જ શક્ય બન્યું આમ છતાં પ્રાથમિકથી શિક્ષણ પૂર્વવત કરવા સરકારે વિધાર્થીઓને પ્રવૃત્તિમય રાખવા Online Education સહિતના વિવિધ માધ્યમથી પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓ માટે પૂરક શિક્ષણની વ્યવસ્થા જેવી કે, ઘરે શીખીએ, પરિવારનો માળો સલામત અને હૂંફાળો, એકમ કસોટી ઓનલાઇન શિક્ષણ વગેરે જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. આ પ્રવૃત્તિઓનો ઉદ્દેશ કોરોના વાયરસથી ફેલાયેલ મહામારીના ભયજનક માહોલમાંથી વિધાર્થીઓને બહાર કાઢવાનો હતો અને તેમના વર્ગખંડ શિક્ષણને પૂર્વવત ફરી શરૂ કરવાનો હતો.

શિક્ષકોએ સરકારે શરૂ કરાયેલ રચનાત્મક પ્રવૃત્તિઓ જેવી કે, ઘરે શીખીએ, પરિવારનો માળો સલામત અને હૂંફાળો, વર્ચ્યુઅલ ક્લાસરૂમ, ડીડી ગિરનારના માધ્યમથી ઓનલાઇન શિક્ષણ વગેરેના અમલીકરણમાં સિંહ ફાળો આપ્યો જેના કારણે રાજયના દૂર્ગમ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓ પણ શૈક્ષણિક સુવિધાઓથી વંચિત ન રહ્યાં આમ છતાં રાજયના છેવાડાના ભાગો વચ્ચે ડિજિટલ સંસાધનોની ઉપલબ્ધતાની અસમાનતાએ શિક્ષણના ક્ષેત્રમાં પણ મોટો પડકાર સાબિત થઇ છે.

કોવિડ ૧૯ના કારણે દરેક ક્ષેત્રમાં ફેરફારો થયા અને ***"શાળા બંધ છે, શિક્ષણ નહીં."*** તે સૂત્રને ચરિતાર્થ કરવા તેમજ વિદ્યાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ કાર્ય મેળવી શકે તે માટે જિલ્લાના શિક્ષકોએ ઘણાં બધા નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો અને પ્રવૃત્તિઓ હાથ ધરી. જીસીઇઆરટી દ્વારા આ વર્ષે કોવિડ અને લોકડાઉનને કારણે શાળા શિક્ષણ બંધ રહ્યું તેવા માહોલમાં નવતર શૈક્ષણિક પ્રયોગ કરનારા જિલ્લાના શિક્ષકોની અસરકારક અને નોંધપાત્ર કામગીરીને કેસસ્ટડીના ભાગરૂપે શિક્ષણ જગતના ફલક પર કંડારવાની સૂચના હોઇ વિદ્યાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ કાર્ય મેળવી શકે તે માટે જિલ્લાના શિક્ષકોએ હાથ ધરેલ નવતર શૈક્ષણિક પ્રયોગોનો કેસસ્ટડી સ્વરૂપે અભ્યાસ કરવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું. જેના ભાગરૂપે શિક્ષકોએ હાથ ધરેલ નવતર શૈક્ષણિક પ્રયોગ જેવા કે, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ , વિદ્યાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ , ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચારપ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચારપ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતોનો અભ્યાસ કરવામાં આવેલ હતો.

## 1.1 શીર્ષક

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

**માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક પ્રયોગોનો કેસસ્ટડી**

## 1.2 સમસ્યાકથન

પ્રસ્તુત સંશોધનમાં માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો જેવા કે, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક

કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ, વિધાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ, ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતોને કેસસ્ટડીના માધ્યમથી તપાસવામાં આવી હતી.

## 1.3 શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ

પ્રસ્તુત અભ્યાસમાં વપરાયલ શબ્દોની વ્યવહારિક વ્યાખ્યાઓ આ પ્રમાણે હતી.

**માલપુર તાલુકોઃ** ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના અરવલ્લી જિલ્લામાં આવેલો તાલુકો છે. માલપુર એ આ તાલુકાનું મુખ્ય મથક છે. આ તાલુકામાં 55 ગામોનો સમાવેશ થાય છે. આમ, માલપુર શહેર વિસ્તાર અને ગામડાઓનો સમૂહ એટલે માલપુર તાલુકો.

**સરકારી પ્રાથમિક શાળાઃ** રાજય સરકારના જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓને સરકારી શાળાઓ તરીકે ઓળખવામાં આવે છે. આ શાળાઓમાં ધોરણ 1 થી 8 સુધી શૈક્ષણિક કાર્ય હાથ ધરવામાં આવે છે. આ પૈકી માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના બે શિક્ષકોને સંશોધકે અભ્યાસ માટે પસંદ કરેલ હતા. આમ, માલપુર તાલુકાની જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓને સરકારી શાળાઓ તરીકે પ્રસ્તુત સંશોધનમાં ઓળખવામાં આવી છે.

**નવતર શૈક્ષણિક પ્રયોગઃ** પ્રસ્તુત સંશોધનમાં શાળા કે શિક્ષક દ્વારા હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગ કે કાર્યના અર્થમાં છે. રાજયમાં કોવિડ અને લોકડાઉનને કારણે ઊભી થયેલી અસાધારણ પરિસ્થિતિની આપત્તિને અવસરમાં પલટાવી નવી દિશા કંડારનાર શિક્ષકો દ્વારા હાથ ધરાયેલ નવતર, રચનાત્મક પ્રવૃત્તિઓને પ્રસ્તુત સંશોધનમાં નવતર શૈક્ષણિક પ્રયોગ તરીકે ઓળખવામાં આવી છે.

**કેસસ્ટડીઃ** કેસસ્ટડી એટલે વ્યક્તિ અભ્યાસ. વિધાર્થીઓની શૈક્ષણિક તેમજ અન્ય વ્યક્તિગત સમસ્યાઓને સમજવા તેમજ તેના નિવારણ અર્થે તેમના વલણો, ક્ષમતાઓ, અભિરૂચિઓ અને કૌટુંબિક પર્યાવરણ તપાસવા માટે શિક્ષક વ્યક્તિ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરે છે. કેટલાંક

કિસ્સાઓમાં વ્યક્તિ, એક જૂથ, એક સામાજિક સંસ્થા, જિલ્લો કે જ્ઞાતિ સંબંધિત અભ્યાસ પણ હાથ ધરવામાં આવે છે.

"વ્યક્તિ અભ્યાસે એવી પ્રયુક્તિ છે કે જેના વડે કોઇ એક સંસ્થા કે વ્યક્તિ અથવા સમૂહના જીવનની કોઇ એક ઘટનાનું તેના જૂથમાં કોઇ અન્ય સાથેના સંબંધના સંદર્ભમાં પૃથક્કરણ કરવામાં આવે છે. આમ, વ્યક્તિ કે જૂથના વિગતપૂર્ણ અભ્યાસને જીવન ઇતિહાસ કે વ્યક્તિ અભ્યાસ કહેવામાં આવે છે"

*એચ. ડબલ્યુ. ઓડમ*

પ્રસ્તુત સંશોધનમાં માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક પ્રયોગોનો કેસસ્ટડીને વ્યક્તિ અભ્યાસ કેસસ્ટડી તરીકે ઓળખવામાં આવેલ છે.

## 1.4 અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ મુજબ હતા.

1. માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગનો અભ્યાસ કરવો.
2. માલપુર તાલુકાની ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગનો અભ્યાસ કરવો.
3. માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ વિશિષ્ટ કામગીરી કરવા માટેના પ્રેરણાસ્ત્રોતની માહિતી મેળવવી.
4. માલપુર તાલુકાની ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ વિશિષ્ટ કામગીરી કરવા માટેના પ્રેરણાસ્ત્રોતની માહિતી મેળવવી.
5. માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળામાં હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગના અમલીકરણની પ્રવિધિ જાણકારી મેળવવી.

6. માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળામાં હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગનો પ્રચાર-પ્રસાર કરવો.
7. માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકોએ કરેલ વિશિષ્ટ કામગીરીનો અમલ અન્ય શાળાઓમાં થાય તે માટે શિક્ષકોને જાગૃત કરવા.

## 1.5 અભ્યાસના પ્રશ્નો

પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો આ મુજબ હતા.

1. માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગમાં કઇ બાબતોનો સમાવેશ થતો હશે?
2. માલપુર તાલુકાની ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગમાં કઇ બાબતોનો સમાવેશ થતો હશે?
3. માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ વિશિષ્ટ કામગીરી કરવા માટેના પ્રેરણાસ્ત્રોત કોણ હશે?
4. માલપુર તાલુકાની ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ વિશિષ્ટ કામગીરી કરવા માટેના પ્રેરણાસ્ત્રોત કોણ હશે?
5. માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળામાં હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગના અમલીકરણની પ્રવિધિ કઇ હશે?
6. માલપુર તાલુકાની ભુતા પ્રાથમિક શાળામાં હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગના અમલીકરણની પ્રવિધિ કઇ હશે?

## 1.6 અભ્યાસનું મહત્વ

દરેક કાર્યને પોતાનું આગવું મહત્ત્વ હોય છે. આ સંશોધન પણ એક શૈક્ષણિકકાર્ય છે. આથી આ સંશોધન કાર્ય દરમિયાન સંશોધક જે જે કાર્ય કરે છે તથા જે પરિણામ મળે છે. તે પરિણામોને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં આ અભ્યાસ કોને કોને અને કેવી રીતે મદદરૂપ બની શકે તે બાબત તેનું મહત્ત્વ સૂચવે છે.

પ્રસ્તુત સંશોધન દ્વારા માલપુર તાલુકાની સરકારી શાળાઓના શિક્ષકો દ્વારા હાથ ધરેલ નવતર શૈક્ષણિક પ્રયોગ જેવા કે, નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો જેવા કે, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ, વિધાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ, ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતો વિશેની જાણકારી મેળવી શકાશે.

જિલ્લામાં નવતર પ્રયોગો અને પ્રવૃતિઓના અભ્યાસને કારણે આવા પ્રયોગ કરનાર શિક્ષકોને પ્રોત્સાહન મળશે અને તેમના ઉત્સાહમાં વધારો કરી શકાશે. શિક્ષકોએ કરેલ વિશિષ્ટ કામગીરીના પ્રચાર-પ્રસાર દ્વારા જિલ્લાના અન્ય શિક્ષકોને આવા પ્રયોગો કરવા માટેનું પીઠબળ મળશે. જિલ્લાના શિક્ષકો આવા પ્રયોગોના પ્રચાર-પ્રસારને કારણે વધુ પ્રોત્સાહિત થશે અને સમગ્ર જિલ્લામાં વિધાર્થીઓની શૈક્ષણિક અભિવૃધ્ધિના અભિયાનને વધુ બળવત્તર બનાવી શકાશે.

## 1.7 અભ્યાસની મર્યાદા

સંશોધન એ એવી પ્રક્રિયા છે કે, સંપૂર્ણ રીતે સફળ થતી નથી તેમાં કોઇ ને કોઇ ખામી રહી જવાની શક્યતાઓ વધી જાય છે. દરેક સંશોધન પરિણામો જુદી જુદી પરિસ્થિતિ અનુસાર જુદા જુદા મળે છે. તેથી તેને દરેક સમયે લાગુ પાડી શકાય નહિ.

1. પ્રસ્તુત સંશોધન માલપુર તાલુકાની જિલ્લા પંચાયત હસ્તકની સરકારી શાળાઓ પૈકી કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળા પુરતો મર્યાદિત રહેશે.
2. પ્રસ્તુત સંશોધન શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પૂરતો મર્યાદિત રહેશે.
3. પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટેની સ્વરચિત પ્રશ્નાવલિની મર્યાદા એ પ્રસ્તુત સંશોધનની મર્યાદા રહેશે.

## 1.8 હવે પછીના પ્રકરણોનું આયોજન

સમગ્ર સંશોધન અહેવાલને ચાર પ્રકરણોમાં વિભાજિત કરેલ છે.

### પ્રકરણ 2 સંશોધનની યોજના

પ્રસ્તુત પ્રકરણમાં વ્યાપવિશ્વ, સંશોધન પ્રકાર, સંશોધન પદ્ધતિ, નમૂના પસંદગી, માહિતી પ્રાપ્તિના ઉપકરણો તથા માહિતી વિશ્લેષણની પ્રયુક્તિઓ દર્શાવવામાં આવેલ છે.

### પ્રકરણ 3 માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત પ્રકરણમાં હેતુઓ અનુસાર શિક્ષકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોને લગતી માહિતીને આધારે ગુણાત્મક રીતે માહિતીનું ઊંડાણપૂર્વકનું વર્ણન અને અર્થઘટન રજૂ કરવામાં આવેલ છે.

### પ્રકરણ 4 સંશોધન સારાંશ, તારણો અને ભલામણો

પ્રસ્તુત પ્રકરણમાં પ્રાપ્ત માહિતીને આધારે પરિણામોનો સારાંશ, સંશોધનના પ્રયોગની સમીક્ષા, સામાન્ય તારણો અને તેને આધારે માહિતીનું સામાન્યીકરણ રજૂ કરવામાં આવેલ છે.

# પ્રકરણ 2

# સંશોધન યોજના

## 2.0 પ્રસ્તાવના :

કોઇપણ સંશોધનની સફળતાનો આધાર તેના નક્કર આયોજન પર રહેલો છે. સંશોધનકાર્ય વિશ્વસનીય અને પ્રમાણભૂત બનાવવા માટે ચોક્કસ યોજના હોવી જરૂરી છે. સંશોધન કાર્યના હેતુઓની સફળતાનો આધાર તેના આયોજન પર રહે છે. સંશોધનની રૂપરેખાને કાર્યાન્વિત કરવા માટે પદ્ધતિ અને પ્રક્રિયા સંશોધકને સહાયરૂપ બને છે. સંશોધનની રૂપરેખા સંશોધકને દિશા સૂચવતી તાર્કિક યોજના છે. આયોજન દરેક પ્રવૃત્તિની સફળતાની ગુરુચાવી છે. દરેક વ્યક્તિ કાર્યનો આરંભ કરતાં પહેલાં તે કાર્યનું આયોજન કરે છે.

સંશોધન યોજના વિશે ડૉ. એચ.જી.દેસાઇ અને ડૉ. કે.જી.દેસાઇ જણાવે છે કે - “સંશોધન અહેવાલને સમજવા માટે સંશોધન યોજનાનું વર્ણન અત્યંત જરૂરી બને છે. વાચક સ્પષ્ટપણે સમજી શકે અને તેણે પોતે અભ્યાસની પ્રમાણભૂતતા ચકાસવા એ અભ્યાસ ફરીથી ઊપાડવો જરૂરી બને તો સંપૂર્ણ વિગતો મળી રહે એ રીતે આ પ્રકરણ લખવું જોઇએ. સંશોધકે અભ્યાસ દરમિયાન હાથ ધરેલ અને પાછળથી ત્યજી દીધેલ પ્રવિધિઓનો પણ ઉલ્લેખ થવો જોઇએ. આમ થાય તો સમસ્યાની યોજના પર વધુ પ્રકાશ પડે.”

સંશોધનમાં કઇ પદ્ધતિનો ઉપયોગ કરવો તે મહત્ત્વનો પ્રશ્ન છે. સંશોધક પોતાના વિષયને અનુરૂપ પદ્ધતિ પસંદ કરે તે અત્યંત જરૂરી છે. વળી, સંશોધનમાં ઉપયોગમાં લેવામાં આવેલ ઉપકરણોની માહિતી, ચલોની માહિતી, વ્યાપવિશ્વ, નિદર્શ પસંદગી અને માહિતી એકત્રીકરણની વિગત આપવી પણ આવશ્યક છે.

પ્રસ્તુત પ્રકરણમાં વ્યાપવિશ્વ, સંશોધન પ્રકાર, સંશોધન પદ્ધતિ, નમૂના પસંદગી, માહિતી પ્રાપ્તિના ઉપકરણો તથા માહિતી વિશ્લેષણની પ્રયુક્તિઓ વિશેની માહિતી આપવામાં આવેલ છે.

## 2.1 સંશોધનનું વ્યાપવિશ્વ :

સંશોધકે સમસ્યા ઉદ્દભવ વખતે કયું વ્યાપવિશ્વ નજર સમક્ષ રાખ્યું છે તેની સ્પષ્ટતા કરવી જરૂરી છે. વળી વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ કેટલાં પાત્રો પર ઉપકરણની અજમાયશ કરવાની છે તે બાબત પણ ધ્યાનમાં રાખવી આવશ્યક છે, આમ કરવાથી સંશોધન કાર્ય નિયત સમયમાં પૂર્ણ થાય તેમજ હેતુ સારી રીતે સિદ્ધ થાય છે.

કોઇપણ સંશોધનમાં વ્યાપવિશ્વની સાચી વ્યાખ્યા ન થાય ત્યાં સુધી સંશોધનનું કાર્ય આગળ વધી શકતું નથી તથા સમગ્ર વ્યાપવિશ્વમાંથી નિદર્શની પસંદગી પણ મુશ્કેલ બને છે.

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ. એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે જેમાંથી નમૂનો પસંદ થાય છે.

જિલ્લાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક માટે કરેલ રચનાત્મક પ્રવૃત્તિઓ તેમજ વિધાર્થીઓ ઓનલાઇન શિક્ષણ દ્વારા ઘરે બેઠા શિક્ષણકાર્યમાં જોડાઇ શકે તે માટે જિલ્લામાં શિક્ષકોએ કરેલ નવીન પ્રયાસો વિશેનો અભ્યાસ હાથ ધરવાનો હોઇ પ્રસ્તુત સંશોધનનો વ્યાપ સમગ્ર અરવલ્લી જિલ્લો રહેશે.

## 2.2 નમૂના પસંદગી :

સંશોધનની પરિભાષામાં વ્યાપવિશ્વનું સર્વોત્તમ પ્રતિનિધિત્વ કરે તેને સારો નમૂનો કહેવાય છે. સંશોધનમાં સમય, શક્તિ અને નાણાંનો વ્યય થતો અટકાવવા માટે સમષ્ટિનાં શકય તેટલાં બધાં જ લક્ષણોનો સમાવેશ થાય તે રીતે નિદર્શ પસંદ કરવો જોઇએ. જેથી નિદર્શ પરથી મેળવેલાં તારણોનું સામાન્યીકરણ કરી સમષ્ટિને લાગુ પાડી શકાય.

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ પ્રયુકિતમાં નમૂનાનો એકમ એક પાત્ર ન રહેતાં સમગ્ર શાળાએ પાત્ર સમૂહ (ઝૂમખું) એકમ બને છે.

પ્રસ્તુત સંશોધનમાં શાળા શિક્ષણ બંધ ન રહે તેમજ વિધાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ કાર્ય મેળવી શકે તે માટે જિલ્લામાં શિક્ષકોએ કરેલ નવીન પ્રયાસોનો અભ્યાસ કરવાનો હોઇ સહેતુક નમૂના

પસંદગી દ્વારા જિલ્લામાં થયેલ શ્રેષ્ઠ નવીન પ્રયાસોને અલગ તારવવામાં આવ્યાં હતા. તેમજ દરેક વ્યાખ્યાતાને તેમના લાયઝનીંગ વિસ્તારના શ્રેષ્ઠ પ્રયાસો કે નવતર શૈક્ષણિક પ્રયોગોનો અભ્યાસ હાથ ધરવા સૂચિત કરવામાં આવેલ હતું. જે પૈકી સંશોધકનો લાયઝનીંગ વિસ્તાર માલપુર તાલુકો હોઇ માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોની રૂબરૂ શાળા મુલાકાત લઇ શિક્ષકો સાથે વાર્તાલાપ કરી સ્વરચિત પ્રશ્નાવલિના માધ્યમથી તેમના નવીન પ્રયોગોની વિગતો નોંધવામાં આવી હતી. આ ઉપરાંત ગૂગલફોર્મના માધ્યમથી અન્ય માહિતી તેમજ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો સંબંધી ફોટોગ્રાફની વિગતો એકત્ર કરવામાં આવી હતી.

## 2.3 સંશોધનનાં ક્ષેત્રો :

સંશોધન માટે અનેક દિશાઓ અને ક્ષેત્રો વિકાસ પામ્યા છે. સંશોધન જુદા જુદા અનેક ક્ષેત્રો સાથે જોડાયેલું હોય છે. સંશોધન પોતાને અનુકૂળ ક્ષેત્ર પસંદ કરતાં હોય છે. જીવન સાથે સંકળાયેલા આવા અનેક ક્ષેત્રો છે જેવા કે શૈક્ષણિક, વૈજ્ઞાનિક, તબીબી, સામાજિક, ખેતી, ઉધોગ, વાણિજ્ય વગેરે હોય છે.

આ પૈકી પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલું છે.

## 2.4 સંશોધનનો પ્રકાર

સંશોધનમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ થાય છે. તેથી જે તે ક્ષેત્રમાંથી ઉપસ્થિતિ થયેલ અર્થપૂર્ણ સમસ્યાના વ્યવસ્થિત વસ્તુલક્ષી અને અનુભવની એરણ પર ચકાસી શકાય. તેવા ઉકેલ સાથે સંબંધ છે. તેનું સ્વરૂપ કે પ્રકાર સંબંધિત પ્રશ્નોના સ્વરૂપ પ્રમાણે બદલાય છે.

સંશોધનના મુખ્ય બે રીતથી પ્રકારો પડે છે. જે નિમ્નાંકિત ડૉ. ડી.એ.ઉચાટ (2005-06) ના મતે સંશોધનના પ્રકાર બે રીતથી દર્શાવી શકાય. સંશોધનના ધ્યેય અને અમલીકરણને લક્ષમાં રાખી તેનું આ મુજબ વર્ગીકરણ કરી શકાય.




પ્રસ્તુત સંશોધન દ્વારા શ્રેષ્ઠ પ્રયાસો કે નવતર શૈક્ષણિક પ્રયોગોનો અભ્યાસ હાથ ધરવાનો હોઇ તેમજ શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોની વિગતોને ઊંડાણથી તપાસવાની હોઇ આ સંશોધન ગુણાત્મક પ્રકારે હાથ ધરાયું હતું.

## 2.5 સંશોધન પદ્ધતિ :

સંશોધનમાં જે પ્રકારની સમસ્યા હોય તેના સંદર્ભમાં પદ્ધતિની પસંદગી કરવામાં આવે છે. સંશોધનની પદ્ધતિઓ નીચે મુજબ છે.

1. ઐતિહાસિક પદ્ધતિ
2. પ્રાયોગિક પદ્ધતિ
3. વર્ણનાત્મક સંશોધનો જેમાં-
    - (i) સર્વેક્ષણ અભ્યાસ
    - (ii) વિકાસાત્મક અભ્યાસ
    - (iii) સંબંધાત્મક અભ્યાસ
        - (a) વ્યક્તિ અભ્યાસ
        - (b) સહસંબંધલક્ષી અભ્યાસ
        - (c) કારણ તુલનાત્મક અભ્યાસ

પ્રસ્તુત સંશોધન એ વ્યક્તિ-અભ્યાસ આધારિત છે.

## 2.6 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે સંશોધક દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવેલ હતો. આ પ્રશ્નાવલિને આધારે જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોની વિગતો મેળવવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય માહિતી અને ફોટોગ્રાફસની વિગતો મેળવવા માટે ગૂગલ ફોર્મ ઉપયોગ કરવામાં આવેલ હતો.

## 2.7 માહિતીનું એકત્રીકરણ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શાળાની રૂબરૂ મુલાકાત લઇ સ્વરચિત પ્રશ્નાવલિના માધ્યમથી પ્રશ્નાવલિના મુદ્દાનુસાર માહિતી એકત્રિત કરી હતી. આ ઉપરાંત  અન્ય માહિતી અને ફોટોગ્રાફસની વિગતો મેળવવા માટે ગૂગલ ફોર્મનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.  શિક્ષકોની રૂબરૂ મુલાકાત દરમિયાન શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોની વિગત સંબંધી માહિતી કઇ રીતે ભરવાની છે તેની પ્રાથમિક સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત ગૂગલ ફોર્મની સમજ આપી અન્ય માહિતી કઇ રીતે ભરવી તેમજ ફોટોગ્રાફ્સ કઇ રીતે અપલોડ કરવા તે સમજાવવામાં આવ્યું હતું. શિક્ષકને કંઇ મુશ્કેલી હોય તો તેનું સ્થળ પર જ નિવારણ કરવામાં આવેલ હતું જેથી પ્રયોગ સંબંધી પ્રાપ્ત થયેલ માહિતી સચોટ, ચોક્કસ અને વાસ્તવિક મળે.

## 2.8 માહિતીનું પૃથક્કરણ અને સમીક્ષા :

એકત્ર થયેલ માહિતીની યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે.

સંશોધક દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિ તેમજ ગૂગલ ફોર્મ દ્વારા મળેલ માહિતીને સંશોધનના હેતુઓ અનુસાર માહિતી એકત્ર કરી તેને વ્યક્તિ-અભ્યાસના સોપાનો મુજબ ગોઠવવામાં આવ્યાં હતા. જેમાં, નીચેની વિગતો જેવી કે,

- શાળાનું નામ
- પ્રસ્તાવના
- વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા
- કરેલ નવતર પ્રયોગનું શીર્ષક
- કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર
- કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ
- કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા
- સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી
- અન્ય કામગીરીની વિગત
- કાર્યક્રમનું અમલીકરણ
- બાળકોનું મુલ્યાંકન
- પરિણામ / તારણ
- ફોટોગ્રાફ

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં શાળાઓના શિક્ષકો પાસેથી એકત્ર કરેલ માહિતીનું તુલનાત્મક પૃથક્કરણ અને અર્થઘટન કરી તેને આધારે શાળાના નવતર પ્રયોગોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

# પ્રકરણ 3

# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

## 3.0 પ્રસ્તાવના :

કોઈપણ સંશોધનમાં જેટલું મહત્ત્વ માહિતી એકઠી કરવાનું છે, તેટલું જ મહત્ત્વ માહિતીનું પૃથક્કરણ કરવાનું છે. કોઈપણ સંશોધકે સંશોધન યોજના તૈયાર કરતી વખતે કઈ-કઈ માહિતી મેળવવી પડશે, પ્રાપ્ત માહિતીનું વર્ગીકરણ કેવી રીતે થશે તે અંગે વિચારી લેવું જરૂરી છે. આમ કરવાથી માહિતી વિષયક સચોટ ખ્યાલ આવે છે. કોઇપણ સંશોધનમાં એકઠી કરેલી સંશોધન માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની યોગ્ય પ્રયુક્તિ દ્વારા જ અર્થપૂણ બને છે.

આ બાબતમાં ફીશર કહે છે કે- "માહિતીને સંક્ષિપ્ત સ્વરૂપ આપવા માટે વપરાતી આંકડાશાસ્ત્રીય પ્રક્રિયાઓનો ઉદ્દેશ એ છે કે અપ્રસ્તુત માહિતીને દૂર કરવી અને પ્રાપ્ત માહિતીમાં સમાયેલી પૂરેપૂરી પ્રસ્તુત માહિતીને અલગ પાડવી."

પ્રાપ્ત થયેલી માહિતીના જૂથને વધુ સારી રીતે સમજવા માટે અને તેમાંથી અર્થ તારવવા માટે તે માહિતીનું વર્ગીકરણ કરવું જોઇએ. તેને વ્યવસ્થિત રીતે ગોઠવવી જોઇએ અને સમજી શકાય તેવા સંક્ષિપ્ત સ્વરૂપમાં મૂકવી જોઇએ. કોઇપણ સંશોધનમાં એકઠી કરેલી સંશોધન માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની યોગ્ય પ્રયુક્તિ દ્વારા જ અર્થપૂણ બને છે.

પ્રસ્તુત અભ્યાસનો હેતુ માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગનો અભ્યાસ કરવાનો હોઇ તે સંબંધી માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવેલ હતો અને તેને આધારે મળેલ માહિતીનું એકત્રીકરણ, વર્ગીકરણ અને પૃથકકરણ કરી પ્રસ્તુત માહિતીનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા વિશ્લેષણ કરી પ્રાપ્ત માહિતીને આધારે પૃથકકરણ અને અર્થઘટન નીચે મુજબ કરવામાં આવેલ હતું.

## 3.1 કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળામાં હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત સંશોધન દ્વારા માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો જેવા કે, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ, વિધાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ, ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતોને કેસસ્ટડીના માધ્યમથી તપાસવામાં આવી હતી. જેની શાળાવાર રજૂઆત નીચે મુજબ રજૂ કરવામાં આવેલ છે.

### 3.1.1 માલપુર તાલુકાની કાનેરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

માલપુર તાલુકાની કાનેરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા સારણી 3.1 માં રજૂ કરેલ છે.

**સારણી : 3.1**

**કાનેરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| | |
|---|---|
| **શિક્ષકનું નામ** | **પટેલ સતિષકુમાર જયંતિભાઇ** |
| **શાળાનું નામ** | કાનેરા પ્રાથમિક શાળા, તા- માલપુર, જિ- અરવલ્લી |
| **પ્રસ્તાવના** | શિક્ષકો પ્રશિક્ષણ દ્વારા જ્ઞાનયોગી બન્યા છે. હવે કર્મયોગી વધુ બનવાની જરૂર ઊભી થઈ છે. કુશળતાપૂર્વક કર્મ કરવું એ યોગ છે. નિષ્ઠાપૂર્વક કરેલું |

| | |
|---|---|
| | કોઈપણ કાર્ય કદી એળે જતુ નથી. કોવિડ-19 સમયગાળામાં શૈક્ષણિક અને સામાજિક જવાબદારી ઘણા શિક્ષકોએ નિભાવી છે. આમ છતાં શિક્ષકે "અપ ટુ ધ ડેટ" રહેવાનો સમય આવી ગયો છે. હવે તો શિક્ષકે "અપ ટુ ધ મુવમેન્ટ" રહેવુ પડે તેના માટે વર્ગખંડથી લઈ ટેકનોલોજી સુધીનુ જ્ઞાન હોવુ જરૂરી છે. કોવિડ-19 સમયગાળામાં વર્ગખંડના બાળકોથી લઈ ગ્રામજનોના હિતાર્થે, લોકડાઉન સમયગાળામાં સમયનો સદુપયોગ કરી, કંઈક નવસર્જન કરી સમાજ અને બાળકોને મદદરૂપ થવા આ નવીન પ્રયોગ હાથ ધર્યો હતો. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | કોવિડ-19 અંતર્ગત લોકડાઉન સમયગાળામાં મળેલ સમયનો સદઉપયોગ કેવી રીતે કરવો? તેના વિચારે જ મને પ્રેરણા મળી અને આ પ્રયોગ શરૂ કર્યો. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | **મારી કલા, શૈક્ષણિક કાર્ય અને ટેકનોલોજીનો ઉપયોગ** |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | 1. કોવિડ-19 સમયગાળા દરમિયાન વર્ક ફ્રોમ હોમ અંતર્ગત ધોરણ 1 થી 8 ના બાળકો માટે 160 જેટલા શૈક્ષણિક ટી.એલ.એમ.નિર્માણ કરવામાં આવેલ છે.<br>2. લોકડાઉનના શરૂઆતના સમયગાળામાં બાળકોના ઘરે-ઘરે જઈને કેલીગ્રાફી ડિઝાઇન દ્વારા અક્ષરો સુધારા માટેના મેં પ્રયાસો કરેલ હતા.<br>3. બાળકો માટે નિબંધલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને કાવ્ય સ્પર્ધાનુ આયોજન કરી તેમને સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.<br>4. દિક્ષા પોર્ટલ પર કુલ- 265 કોર્સ અને વિવિધ તાલીમ પૂર્ણ કરેલ છે.<br>5. કોવિડ-19 અંતર્ગત ગ્રામજનોને કોરોના વાયરસ અંગેની જાગૃતિ અને મારા ગામ અને આજુબાજુના ગામ લોકોના એંડ્રોઇડ ફ્રોન ધરાવતા કુલ-101 વ્યક્તિઓને "આરોગ્ય સેતુ એપ" ડાઉનલોડ કરાવીને એપ વિશે માહિતી આપી હતી. |

| | |
|---|---|
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | 1. બાળકો સહજતાથી વિષયવસ્તુ સમજી શકે છે.<br>2. બાળકોના અક્ષરોમાં સુધારો લાવી શકાય.<br>3. શાળાની વિવિધ શૈક્ષણિક અને વહીવટી બાબતોની જાણકારી સમજ મેળવવા.<br>4. કોરોના વોરિયર્સ બની મદદરૂપ થવાનો હેતુ |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | ધોરણ 1 થી 8 ના બાળકો, શિક્ષક સ્ટાફ, એસ.એમ.સી. સમિતિ અને શિક્ષિત ગામના યુવકો. |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | 1. **બાળકો માટે પખવાડિયાનું ગૃહકાર્ય :-** મહામારી શરૂ થયાથી આજ દિવસ સુધી દર પખવાડિયાનું ગૃહકાર્ય તૈયાર કરી તમામ બાળકોને આપવામાં આવે છે અને જેની ચકાસણી કરવામાં આવે છે.<br>2. **"ઘરે શીખીએ" પુસ્તિકા પ્રવૃત્તિઓ :-** "ઘરે શીખીએ" પુસ્તિકા અંતર્ગત તમામ બાળકોના ઘરે-ઘરે જઈને બધીજ પ્રવૃત્તિઓ પૂર્ણ કરાવી છે. જેની ચકાસણી કરી ઓનલાઇન એન્ટ્રી કરી છે.<br>3. **ટી.એલ.એમ. નિર્માણ કરી શૈક્ષણિક કાર્યમાં ઉપયોગ :-** લોકડાઉન દરમિયાન બાળકોના શૈક્ષણિક કાર્ય માટે ધોરણ 1 થી 8 ના તમામ વિષયોના કુલ-160 T.L.M. બનાવ્યા. જેનો ઉપયોગ હું બાળકોના શૈક્ષણિક કાર્યમાં કરુ છુ.<br>4. **વાલીઓના એંડ્રોઇડ મોબાઈલમાં DIKSHA APP, MICROSOFT TEAMS APP અને AROGY SETU APP ડાઉનલોડ કરી આપી અને તેની સમજ :-** એંડ્રોઇડ ફોન ધરાવતા વાલીઓના મોબાઈલમાં "દિક્ષા એપ" દ્વારા બાળકોનો અભ્યાસક્રમ જોવા અને શિક્ષક તાલીમ માટે, "માઇક્રોસોફ્ટ ટિમ્સ એપ" દ્વારા વર્ચ્યુઅલ કલાસ રૂમ માટે ઓનલાઇન શિક્ષણ માટે અને "આરોગ્ય સેતુ એપ" દ્વારા કોવીડ-૧૯ ની જાણ માટે આ ત્રણેય એપ ડાઉનલોડ કરાવી હતી. |

| | |
|---|---|
| | 5. **વર્ચ્યુઅલ કલાસ રૂમ દ્વારા શૈક્ષણિક કાર્ય :-** મારા પટોપ દ્વારા મારા ધોરણ : 3 અને 4 ના બાળકોને દરરોજ 1 કલાક ઓનલાઇન વર્ચ્યુઅલ કલાસ રૂમ દ્વારા અભ્યાસક્રમ અનુરૂપ વાર્તા, પાઠનું નિદર્શન, કાવ્ય ગાન, પ્રશ્નોતરી અને ચર્ચા કરવામાં આવ છે.<br>6. **એકમ કસોટી ( સામયિક મૂલ્યાંકન કસોટી) અને પુનઃ કસોટી :-** મારા વર્ગના તમામ બાળકોને સામયિક મૂલ્યાંકન કસોટી પહેલા અભ્યાસક્રમનું પુનરાવર્તન અને પ્રશ્નોત્તરી દ્વારા કરવામાં આવે છે. ત્યાર બાદ એકમ કસોટી બાળકોના ઘરે-ઘરે જઇને આપવામાં આવે છે. બાળકના લેખનકાર્ય બાદ કસોટીની ચકાસણી કરવામાં આવે છે. ત્યાર બાદ ફરી બાળકોના ઘરે-ઘરે જઇને પુનઃ કસોટી લેવામાં આવે છે અને ચકાસણી કરવામાં આવે છે. ત્યાર બાદ ગુણની ઓનલાઇન એન્ટ્રી સત્વરે પૂર્ણ કરવામાં આવે છે.<br>7. **ટી.વી. પ્રસારણ :-** ડી.ડી ગિરનાર ગુજરાતી ચેનલ પર દરરોજ અભ્યાસક્રમ શરૂ થાય તે સમયે બાળકોના ઘરે-ઘરની મુલાકાત લઈને તે અંતર્ગત માર્ગદર્શન આપુ છુ. મારા વર્ગના બાળકો અભ્યાસક્રમ નિહાળીને વિષયવસ્તુને સમજે છે.<br>8. **શાળાના નામનું WhatsApp ગ્રુપ :-** "કાનેરા પ્રા. શાળા" નામનું વોટ્સઅપ ગ્રુપ બનાવેલ છે. આ ગ્રુપમાં હુ બાળકો માટે દરરોજની આગલા દિવસે અભ્યાસક્રમ માટેની લીંક અને પીડીએફ મુકુ છુ. બાળકો અંગેની વારંવાર સૂચનાઓ આપું છુ. મધ્યાહન ભોજન યોજના અંતર્ગત અનાજ વિતરણ માટે ખાસ આ ગ્રુપ ઉપયોગી બને છે.<br>9. **શેરી શાળા દ્વારા શૈક્ષણિક કાર્ય :-** મારા વર્ગની શેરી શાળા "કાનેરા ગામની દાંતીફળી, નાયકવાસ અને ભૂકાકૂતરી ગામમાં" આમ ત્રણેય જગ્યાએ કરુ છુ. બાળકોને જરૂરી અંતર રાખી તેમજ માસ્ક બાંધીને |

બેસાડવામાં આવે છે. માસવાર અભ્યાસક્રમ આયોજન મુજબ ચલાવુ છુ . શૈક્ષણિક કાર્યમાં પ્રવૃત્તિ માટે જરૂરી સામગ્રીનો ઉપયોગ કરુ છુ . બાળકોને સ્વાધ્યાયકાર્ય આપી ચકાસણી કરુ છુ.


10. **શેરી શાળામાં આસન, યોગ, સૂર્યનમસ્કાર અને રમતો :-** શેરી શાળામાં બાળકોને સપ્તાહમાં એક દિવસ સૂર્યનમસ્કાર, યોગ-આસનો અને જુદી જુદી રમતો રમાડવામાં આવે છે. સ્વચ્છતા અને આરોગ્ય લક્ષી સુચનાઓ અને ચકાસણી કરુ છુ.
11. **કેલીગ્રાફી ડિઝાઇન દ્વારા બાળકોના અક્ષર સુધારા માટેના પ્રયત્નો** મારા વર્ગના બાળકોને શેરી શાળા દરમિયાન અક્ષર સુધારા માટે જુદી જુદી કેલીગ્રાફી ડિઝાઇન દોરાવડાવુ છુ અને તેના વિશે સમજ આપુ છુ. જેમાં પહેલાના કરતાં હાલ 50% બાળકોના અક્ષરો સારા અને સુંદર લખે છે.
12. **WhatsApp આધારિત સાપ્તાહિક મૂલ્યાંકન :-** બાળકોના ઘરે-ઘરે જઇને એંડ્રોઇડ ફોન દ્વારા તમામ બાળકોને વોટ્સઅપ ગ્રુપ દ્વારા પ્રશ્નો વંચાવીને જવાબ ટીક કરી ટેસ્ટ પૂર્ણ કરે છે.બાળકોને આ કસોટીમાં જવાબ આપવાનો અનેરો આનંદ મળે છે.
13. **પ્રિય બાળકોની શેરી શાળા :-** મારા વર્ગના ધોરણ 3 માં 2 અને ધોરણ 4 માં 1 બાળક પ્રિય બાળકમાં સમાવેશ થાય છે.આ બાળકો માટે દરરોજ દોઢ કલાક વાંચન, લેખન અને ગણન કાર્ય શેરી શાળા રૂપે કરુ છુ.


આમ, COVID-19 સમયગાળામાં હોમલર્નિંગ અંતર્ગત બાળકો માટે મેં નિષ્ઠાપૂર્વક સતત પ્રયત્નો કર્યાં છે. તેમજ વિવિધ તાલીમો, કોર્સ, જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધો છે અને બાળકોના શૈક્ષણિક કાર્ય માટે ટી.એલ.એમ. નિર્માણ કર્યાં છે.

| | |
|---|---|
| **અન્ય કામગીરીની વિગત** | 1. **ઈનોવેશન ફેસ્ટીવલ ફેર 2020-21 માં સહભાગિતા:-** ઈનોવેશન ફેસ્ટીવલ ફેરમાં મારો વિષય- સર્જનાત્મક પ્રવૃત્તિ અને ટેકનોલોજીનો ઉપયોગ હતો. આ ફેરમાં તમામ પ્રવૃતિઓનુ કાર્ય લોકડાઉન સમય દરમિયાન મે કરેલ છે. ધોરણ : 1 થી 8 ના તમામ વિષયોના ટી.એલ.એમ. મેં બનાવેલ છે. અક્ષરો સુધારા માટેની જુદી જુદી કેલીગ્રાફી ડિઝાઇન મેં બનાવેલ છે. દિક્ષા પોર્ટલ પર - 265 કોર્સ પૂર્ણ કરેલ છે. ટીચર એપ દ્વારા - 3 કોર્સ, WHO દ્વારા - 3 કોર્સ, શૈક્ષણિક અને વિશેષ દિન ક્વિઝ - 144, કોવીડ-19 કવિઝ - 45, વેબિનાર - 5, નિબંધલેખન સ્પર્ધા - 4, ચિત્ર સ્પર્ધા - 5, ઈનોવેશન - 2, સપત અને પ્રસંનિય પ્રમાણપત્રો - 22 , શાળા સ્વચ્છતા ગુણાંક ( SSG )- 2, ફિટ ઈન્ડિયા રજીસ્ટ્રેશન -2, ચેતના તાલીમ - 1, શૈક્ષણિક સાધનો બનાવવાની સ્પર્ધા - 1, Workplace of Facebook પર બીજા, ત્રીજા અને આઠમા ક્રમે -3, મારો પ્રયાસમાં -7 પ્રયાસો.....આ તમામ ઓનલાઇન કાર્યોમાં ભાગ લઈ સર્ટિફિકેટ મેળવેલ છે.<br>2. BRC અને CRC કક્ષાએ ટી.એલ.એમ. નિર્માણ વર્કશોપ કરવામાં મારી સહભાગીદારી, તાલુકા કક્ષાએ રમકડાં મેળો-2021 માં નિર્ણાયક તજજ્ઞ તરીકે કામગીરી, અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા "ચાણક્ય ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ-2021" ની સહભાગિતા |
| **કાર્યક્રમનું અમલીકરણ** | બાળકોની ઘરે શીખીએ પુસ્તિકા પુરાવી, પ્રવૃત્તિઓ કરાવી અને પુસ્તિકા તપાસણી કરીને ઓનલાઇન ડેટા એન્ટ્રી કરેલ છે. સામયિક એકમ કસોટી પૂર્ણ કરાવીને તપાસીને પુન: કસોટી પૂર્ણ કરાવી તપાસણી કરી ઓનલાઇન સ્કેનિંગ કરેલ છે. ડી.ડી.ગિરનાર પર પ્રસારિત થતા હોમલર્નિંગમાં દરેક બાળક દરરોજ ભાગ લે તેની તકેદારી રાખેલ છે. બાળકોને નિબંધલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને કાવ્ય સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરેલ છે. વાલીઓને બાળકોના શિક્ષણ અંગે સતત ચર્ચા |

| | |
|---|---|
| | કરેલ છે. શેરીશાળામાં બાળકો નિયમિત આવે ગૃહકાર્ય લાવે તેનું સતત ધ્યાન રાખેલ છે. કોવિડ-19 અંતર્ગત યુવાનો અને વડીલોમાં જાગૃતિ ફેલાવવા જરૂરી ચર્ચાઓ કરેલ છે. |
| **બાળકોનું મુલ્યાંકન** | બાળકોને જે ગૃહકાર્ય આપવામાં આવતું હતુ તે ચકાસી મૂલ્યાંકન કરવામાં આવતું હતુ. કચાશ હોય તો શીખવાડી દૂર કરવામાં આવતી. "ઘરે શીખીએ" પ્રવૃત્તિઓ ચકાસણી કરી બાળકોનું મૂલ્યાંકન કરેલ છે. "સામયિક એકમ કસોટી" પૂર્ણ કરી પુન: કસોટી પૂર્ણ કરાવી મૂલ્યાંકન કરેલ છે. બાળકોને શેરીશાળામાં પખવાડિયાની ટેસ્ટ લઈ મૂલ્યાંકન કરેલ છે. પ્રિય વર્ગના બાળકોનું પણ મૂલ્યાંકન કરેલ છે. |
| **પરિણામ / તારણ** | 1. કેલીગ્રાફીથી ડિઝાઇન વારંવાર દોરાવાથી બાળકોના અક્ષરોમાં સુધારો જોવા મળેલ છે.<br>2. કોરોના મહામારીમાં પણ બાળકોએ તેમની કક્ષા મુજબ શૈક્ષણિક કાર્ય સારુ કરેલ છે.<br>3. અભ્યાસક્રમની સાથે એકમ કસોટી આપી બાળકોએ પરીક્ષાનો પણ અનુભવ કર્યો.<br>4. વિધાર્થીઓએ ક્વિઝ દ્વારા જનરલ નોલેજની જાણકારી મેળવી.<br>5. હોશિયાર બાળકોએ મોટાભાગનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે.<br>6. વર્ચ્યુઅલ કલાસ રૂમ, વૉટ્સએપ કસોટી દ્વારા બાળકોને મોબાઇલનો શૈક્ષણિક ઉપયોગ કરતા શીખ્યા.<br>7. મારા બનાવેલ ટી.એલ.એમ.ના ઉપયોગથી બાળકો જાતે સરળતાથી વિષયવસ્તુ સમજી શક્યા.<br>8. શેરી શાળામાં ફળિયામાં બેસી ભણાવવાનો બાળકોને નવીન અનુભવ થયો. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**









### 3.1.2 માલપુર તાલુકાની ભુતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

માલપુર તાલુકાની ભુતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા સારણી 3.2 માં રજૂ કરેલ છે.

**સારણી : 3.2**

**ભુતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| | |
|---|---|
| **શિક્ષકનું નામ** | **પટેલ લતાબેન વિઠ્ઠલભાઈ** |
| **શાળાનું નામ** | ભૂતા પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | સમગ્ર વિશ્વ કોરોના મહામારી ના સંકટમાં સપડાયુ, કોરોના રોગને નાથવા લોકડાઉન આપવામાં આવ્યું. જેના કારણે વિશ્વ અને દેશનું જનજીવન પણ થંભી ગયું ત્યારે સંદેશાવ્યવહાર અને ટેકનોલોજી વિહોણા અનેક અંતરિયાળ વિસ્તારના ગામડામાં ગ્રામજનો કે જેમને કોવિડ 19 એટલે શું? જેની કોઈ સાચી માહિતી ન હતી તેમજ અફવાઓને કારણે ખોટી ગેરસમજ પણ તેમનામાં જોવા મળી હતી.<br>મારી કર્મભૂમિના ગ્રામજનો અને મારા બાળદેવો ખોટી અફવાઓનો ભોગ ના બને એ હેતુથી દરેક ગ્રામજનો ની મુલાકાત લેવાનો નિશ્ચય કર્યો. ગ્રામજનો ને કોવિડ 19 અંગે કોઈ જ સાચી માહિતી ન હતી. અબાલવૃધ્ધ સૌ અફવાઓથી ભયભીત થયેલા. સંપુર્ણ લોકડાઉન અને શાળાઓ પણ સદંતર બંધ આવી કપરી પરિસ્થિતિમાં પણ સરકારશ્રીની કોરોનાથી બચવા માટે ની ગાઈડલાઈનના પાલન સાથે ઘરે ઘરે જઈને વિધાર્થીઓ, વાલીઓ તેમજ સમગ્ર ગ્રામજનોનો રૂબરૂ સંપર્ક કરી કોરોના રોગ સામે રક્ષણ મેળવવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું. |

| | |
|---|---|
| | કોરોનાથી સંક્રમિત થવાના કારણો અને કોરોનાથી બચવા માટેના ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું. દરેક વિધાર્થીઓની મુલાકાત લઇ વિધાર્થીઓની મનોસામાજિક માવજત, બીક, ગભરાહટ, પ્રશ્નો, મુંઝવણ અંગે માર્ગદર્શન આપી વિધાર્થીઓ લોકડાઉન સમયમાં ટેકનોલોજીના અભાવે શિક્ષણથી વંચિત ન રહે તે માટે ઘરે ઘરે જઇને વિધાર્થીઓને શિક્ષણ આપવાના નવતર પ્રયોગનું આયોજન કરી તેનો અમલ કર્યો. લોકડાઉન સમયમાં વિધાર્થીઓ અને વાલીઓ તેમજ ગ્રામજનોને કોઇ પણ મુંઝવણના માર્ગદર્શન માટે સતત પ્રયત્નશીલ રહી, લોકડાઉન સમયે ગ્રામજનોમાં કોરોના મહામારી સંબંધી જાગૃતિ માટે કાર્ય કર્યું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | કોરોના મહામારીમાં લોકડાઉન સમયની પરિસ્થિતિમાં બદલવા લાવવા આ પ્રયોગ હાથ ધર્યો. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | **શિક્ષક ધર્મ** |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | મારી કર્મભૂમિનો વિસ્તાર એટલે કે મારી શાળા |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | 1. ગ્રામજનોમાં કોરોના મહામારીમાં જાગૃતિ લાવી કોરોનાથી બચવાના ઉપાયો અને સંક્રમિત થવાના કારણો અંગે માર્ગદર્શન પુરુ પાડયું.<br>2. અફવાઓ દુર કરી ભયભીત થયેલા ગ્રામજનોને ભયમુક્ત કરવા<br>3. જરુરીયાતમંદને સહાય<br>4. વિધાર્થીઓની મનોસામાજિક માવજત, બીક, પ્રશ્નો, મુંઝવણ અંગે માર્ગદર્શન આપવું.<br>5. ટેકનોલોજીના અભાવે વિધાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે ઘરે ઘરે જઇને વિધાર્થીઓને શિક્ષણ આપવાના નવતર પ્રયોગો દ્વારા શિક્ષણ સાથે જોડી રાખવાનો પ્રયાસ.<br>6. નવીનતમ પ્રવૃત્તિ દ્વારા સ્વપ્રયત્ને ગોખણપટ્ટી વિનાનું શિક્ષણ આપવુ. |

| | |
|---|---|
| | 7. અભ્યાસક્રમનું શિક્ષણકાર્ય સાથે એકમ કસોટી, ઘરે શીખીએ પુસ્તિકાઓ, દર્પણ ડાયરી નું માર્ગદર્શન આપવું. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 62 + 322 = 384 |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | હોમલર્નિંગ કાર્ય, સ્માર્ટફોન દ્વારા ઑનલાઇન શિક્ષણ અને ટેલિવિઝન માધ્યમથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું હતું પરંતુ, ટીવી/સ્માર્ટફોન ધરાવનાર વિદ્યાર્થીઓનો સર્વે કરતાં એકપણ વાલી કે વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝનની સુવિધા ઉપલબ્ધ ન હતી. શાળા ભલે બંધ હોય કે કોઇ ટેકનૉલોઝીની સગવડ ન હોય તો પણ શિક્ષણ તો શરુ જ રાખવું તેવા અડગ નિશ્ચય સાથે વાલીઓની સંમતિથી સરકારશ્રીની ગાઇડલાઇનના પાલન સાથે ઘરે ઘરે જઇને શિક્ષણ આપવાના નવતર પ્રયોગની શરૂઆત કરી.<br>જે માટે ઘરે ઘરે જઇને વિદ્યાર્થીઓને શિક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને વાલીઓને પોતાના બાળકને નિયમિત ઘરે અભ્યાસ માટે કાળજી લેવા જણાવ્યું. વિદ્યાર્થીઓના ઘરની આસપાસ નજીકમાં સાદો ફોન ધરાવનાર વ્યક્તિને વિદ્યાર્થીઓના શિક્ષણકાર્યમાં મદદરૂપ થવા એમના ફોનનો ઉપયોગ શિક્ષણ સેવા કાર્ય માટે કરવા માટે ભલામણ કરવામાં આવી. આમ, વિદ્યાર્થીઓને જરૂર જણાયે માર્ગદર્શન માટે કોઇ પણ સમયે ફોન કરી માર્ગદર્શન મેળવવાની સગવડ કરી આપી. કોરોના મહામારીમાં શાળાબંધ છે પણ શિક્ષણ તો શરુ જ છે.<br>ઘર આંગણે શાળા અને શેરી શાળા દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જોડી રાખવાના પ્રયાસ કરી હોમ લર્નિંગકાર્યને અસરકારક બનાવ્યુ.<br>**Lock-downના સમયગાળા દરમિયાન સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ પહેલ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સોંપવામાં આવેલ કામગીરી પૂર્ણ કરવા અને સફળ બનાવવા માટે શિક્ષકે કરેલ પ્રયત્નોની નોંધ** |

| | |
|---|---|
| | • **એકમ કસોટી** (વિદ્યાર્થીઓને કેવી રીતે પહોંચાડી અને પરત લીધી? કેવી રીતે લખાવી? શું શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? વિદ્યાર્થીઓને તથા તમને કેવી કેવી મુશ્કેલીઓ પડી? તેના નિરાકરણ માટે ક્યા ક્યા પ્રયાસ કર્યા? વગેરેની નોંધ અહીં લખવી.)<br>• એકમ કસોટી બુક વિદ્યાર્થીઓને પહોંચાડવા અને પરત લેવા શક્ય એટલા વિદ્યાર્થીઓને રૂબરૂ આપ લે કરી, બાકી રહેતા વિદ્યાર્થીઓ કે જેમના ઘર ખુબ દુર છે તેમના માટે દૂધ ડેરીમાં દૂધ ભરવાના સમયે હાજર રહી પ્રશ્નપત્રો પહોંચાડ્યા, ગામની દુકાનો, SMC કમિટી ,MDM સંચાલક અને ભુતપૂર્વ વિદ્યાર્થીઓનો પણ આપ લે માટે સહકાર મેળવ્યો.<br>• ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં શિક્ષકના પરીક્ષણ હેઠળ તેમજ અપવાદરૂપ અમુક સંજોગોમાં વાલીના પરીક્ષણ હેઠળ એકમ કસોટી લખાવવામાં આવી.<br>• એકમ કસોટી અંતર્ગત લખવાની થતી માહિતી જેમકે તારીખ ,વિષય, ક્રમ વગેરે વિગતો ભરવી, પ્રશ્નનું બરાબર વાંચન કરી સમજીને પછીજ ઉત્તર લખવા કોઇ પ્રશ્ન ન સમજાય તો વિના સંકોચે જે-તે મુંઝવણ અંગેશિક્ષકશ્રીનું માર્ગદર્શન લેવું.<br>• સુવાચ્ય અક્ષરે લખાણ લખવું, છેકછાક કરવી નહીં, ચોરી કરવી નહીં, કૉપીકરવી નહીં જેવી સુચનાઓ અને માર્ગદર્શન પૂરું પાડયું.<br>• વિદ્યાર્થીઓ અભ્યાસક્રમનું શિક્ષણ શાળામાં જેટલું મેળવે તે સિવાય ના અન્ય કોઇ પણ માધ્યમથી મેળવી શકતા નથી જે વાસ્તવિકતાથી આપણે સૌ વાકેફ છીએ જેથી વિદ્યાર્થીઓને ઉત્તર આપવામાં ઘણી જ મુશ્કેલી નડતી. જેના નિરાકરણ માટે શાળા સમય કરતાં વધું બે કલાકનો સમય શેરી શાળા અને ઘર આંગણે શાળા માટે ફાળવ્યો. |

| | |
|---|---|
| | • રજાના દિવસોમાં અને રવિવારે પણ શેરી શાળા શરૂ રાખી.<br>• **ઘરે શીખીએ પુસ્તિકાઓ:** (વિધાર્થીઓને કેવી રીતે પહોંચાડી અને પરત લીધી ? કેવી રીતે લખાવી? શું શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? વિધાર્થીઓને તથા તમને કેવી કેવી મુશ્કેલીઓ પડી? તેના નીરાકરણ માટે ક્યા ક્યા પ્રયાસ કર્યા? વેગેરેની નોંધ અહીં લખવી.)<br>• ઘરે શીખીએ પુસ્તિકાઓ પહોંચાડવા દરેક વિધાર્થી ને ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં જ રૂબરૂ આપવામાં આવતી.<br>• તમામ વિધાર્થીઓને ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં શિક્ષક દ્વારા પ્રત્યક્ષ માર્ગદર્શન આપીને લખાવવામાં આવી.<br>• દરેક પાના ઉપર આપેલ પ્રવૃત્તિઓ અને વિગતોની સમજ આપી વિધાર્થીને જ્યાં જ્યાં મુંઝવણ કે મુશ્કેલી પડે ત્યાં શિક્ષક નું માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• શિક્ષક, સહપાઠીઓ, વાલી, વિધાર્થીઓના મોટાભાઈ, ભાડુંનો સહયોગ મેળવ્યો.<br>• ગરીબ વિધાર્થીઓ માટે ઘરે શીખીએ પુસ્તિકાઓમાં આપેલ પ્રવૃત્તિઓ માટે ની સ્ટેશનરી અને સામગ્રીનો અભાવ માટે સ્વખર્ચે વિધાર્થીઓને ઘરે શીખીએ પુસ્તિકાની પ્રવૃત્તિઓ માટે સ્ટેશનથી અને સામગ્રી પુરી પાડી તેમજ અન્ય સામગ્રી માટે ઘરમાં ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરતાં શીખવ્યું<br>• શાળા બંધ હોવાથી વિધાર્થીઓનું ઘરકામ અને આર્થિક ઉપાર્જનમાં જોડાઇ જવું જેથી શિક્ષણ પ્રત્યે વાલી,વિધાર્થીઓની નિરસતા કે નિષ્ક્રિયતા જોવા મળી. ઘરકામ અને આર્થિક ઉપાર્જનમાં જોડાયેલ બાળકોના વાલીઓને શિક્ષણનું મહત્વ સમજાવ્યું અને બાળકોને નિયમિત ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં મોકલવા |

| | |
|---|---|
| | સમજાવ્યા. પ્રવૃતિ દ્વારા આનંદદાયી શિક્ષણકાર્ય દ્વારા નિરસતા નિષ્ક્રિયતા દુર કરી બાળકો ને ફરી શિક્ષણમય બનાવ્યા.<br>• **વર્ગદર્પણ** (વિધાર્થીઓને કેવી રીતે પહોંચાડ્યા અને પરત લીધા ? વિધાર્થી વાલી સાથે પ્રત્યાયનમાં / તેમનો સંપર્ક જાળવી રાખવામા કેવી રીતે ઉપયોગી થયા? વર્ગદર્પણ મારફતે શું શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? કઇ કઇ મુશ્કેલીઓ પડી? તેના નિરાકરણ માટે શું પ્રયાસ કર્યા? વગેરેની નોંધ અહીં લખવી.)<br>• વર્ગદર્પણ દરેક વિધાર્થીને ઘરે ઘરે જઇને પહોંચાડ્યા.<br>• પરત લેવા વિધાર્થીઓના ઘરની નજીક આવેલી દુકાને જમા કરાવવાની વ્યવસ્થા ગોઠવી.<br>• દરેક વિધાર્થી, વાલીનો સંપર્ક કરી વર્ગદર્પણમા લખવાની થતી વિગતો જેવીકે વિધાર્થી પરીચય માટે માહિતી મેળવી બાળકોને સ્વહસ્તાક્ષરે લેખન કરાવ્યું. SMC કમિટીની નોંધ, સમયપત્રકની નોંધ, એકમ કસોટીના ગુણાંકન વગેરે માહિતીની વિગતો શિક્ષક દ્વારા આપવામાં આવી. અન્ય વિગતો બાળકોને જાતે લખવા માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• વિધાર્થીઓ, વાલી, દુકાનદારોનો સહયોગ મેળવ્યો.<br>• વિધાર્થીઓને માહિતી લખવા માટે નિરસતા શાળા સમય માં જ બાળકો નો સંપર્ક કરતાં બાળકો ઘરે ના હોય. યોગ્ય અને સાચી માહિતી ના મળવી જેવી મુશ્કેલી પડી.<br>• દરેક બાળક ને છુટાછવાયા ઘરોમાં ઘરે ઘરે જઇને વ્યક્તિગત સંપર્ક કરી માહીતી ના લેખન માટે શાળા સમય કરતાં પણ બે- બે કલાક નો વધુ સમય ફાળવી વર્ગદર્પણનુ કાર્ય કરાવવામાં આવ્યું. |

| | |
|---|---|
| | • વર્ગદર્પણના પ્રથમ પેજ પર શિક્ષકશ્રીનો ફોન નંબર આપવામાં આપવામાં આવ્યો. જેથી વિદ્યાર્થીઓ/ વાલીઓ કોઇ પણ સમયે ફોન પર માર્ગદર્શન મેળવી શકે.<br>• **પરિવારનો માળો, સલામત અને હૂંફાળો** (આ કાર્યક્રમ બાબતે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કઇ રીતે લાવ્યા? "વિદ્યાર્થીએ કાર્યક્રમ નિહાળ્યો/ પ્રવૃતિઓ કરી કે નહીં?" વગેરે બાબની જાણકારી માટે આપે શું કર્યું? વિદ્યાર્થીઓને શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? કઇ કઇ મુશ્કેલીઓ પડી? તેના નિરાકરણ માટે શું પ્રયાસ કર્યા? વગેરેની નોંધ અહીં લખવી.)<br>• ગામમાં ટેકનોલોજીનો અભાવ છે. કોઇ જ વિદ્યાર્થીઓ કે વાલીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝનની સુવિધા નથી. તેમ છતાં શિક્ષકોના સ્માર્ટફોન અને શાળાના ટેબ્લેટનો ઉપયોગ દ્વારા ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં આ કાર્યક્રમને બાળકો નિહાળી શકે તે માટે ઉપયોગ કર્યો. જે બાળકો એ કાર્યક્રમ નિહાળ્યા તેમણે પ્રવૃત્તિ ઓ કરી છે જે અંગે વાલીઓ પાસેથી માહિતી મેળવી. વિદ્યાર્થીઓને રમત, પ્રવૃત્તિ, બાળ વાર્તાઓ, જંતર મંતર, ગીત વગેરે માટે પ્રેરણા આપી.<br>• રોજગાર અર્થે બહાર ગયેલા ભુતપૂર્વ વિદ્યાર્થીઓ જેલોકડાઉન સમયે વતન પરત આવેલા એમને સ્વયંસેવક તરીકે જોડી એમના સ્માર્ટફોનનો ઉપયોગ આ કાર્યક્રમ બાળકો નિહાળી શકે તે માટે પ્રેરિત કર્યા.<br>• મારો એક જુનો સ્માર્ટફોન પણ આ કાર્યક્રમના ઉપયોગમાં લીધો.<br>• ગામની ભૌગોલિક સ્થિતિને કારણે નેટવર્ક પ્રોબ્લેમ પણ સર્જાતો. સ્વયંસેવકના સ્માર્ટફોન ના નેટ બેલેન્સનો પણ પ્રોબ્લેમ હતો. પ્રવૃતિ માટેના રોમટિરિયલ્સનો પણ પ્રશ્ન, નિરક્ષર વાલી અને નાના ધોરણના વિદ્યાર્થીઓ હોવાથી સ્માર્ટફોન ઑપરેટ કરતાં પણ આવડતું |

| | |
|---|---|
| | નહીં. જે માટે સ્વયંસેવકોના સ્માર્ટફોનમાં સ્વખર્ચે નેટનું બેલેન્સ કરવાની જોગવાઇ કરી. પ્રવૃતિ માટેનું રોમટિરિયલ્સ સ્વખર્ચે પુરૂ પાડ્યું. શાળા સમય કરતાં પણ બે -બે કલાકનો વધુ સમય ફાળવ્યો. રજા કે રવિવારના દિવસોમાં પણ વિધાર્થીઓ વાલીઓની રૂબરૂ મુલાકાત કરી. સ્માર્ટફોન ઑપરેટ કરતાં શીખવ્યું.<br>• **SSAની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન** (કાર્યક્રમ બાબતે વિધાર્થીઓમાં જાગૃતિ કઇ રીતે લાવ્યા ? "વિધાર્થીએ કાર્યક્રમ નિહાળ્યો/ પ્રવૃતિઓ કરી કે નહીં?"- વગેરે બાબતની જાણકારી માટે આપે શું કર્યું? વિધાર્થીઓને શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો/ વિધાર્થીઓને તથા તમને કેવી કેવી મુશ્કેલીઓ પડી? તેના નિરાકરણ માટે ક્યા ક્યા પ્રયાસ કર્યા/ સાપ્તાહિક આયોજન અને તેમાં મુકાયેલા વિડીયો તથા કન્ટેન્ટના કારણે શું શું ફાયદા થયા - આ તમામ બાબતોની નોંધ અહીં લખવી.)<br>• ગામમાં એકપણ વાલી કે વિધાર્થીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝનની સુવિધા નથી, જેથી શિક્ષકના સ્માર્ટફોન અને શાળાના ટેબ્લેટ દ્વારા શક્ય એટલા વિધાર્થીઓને આ કાર્યક્રમમાં જોડવાનો પ્રયત્ન કરીને પ્રવૃત્તિ માટે કરવા માટે પ્રેરિત કર્યા. વિધાર્થીઓ વિષય વસ્તુ સમજી શીખી શક્યા.<br>• **ડીડી ગીરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો** (વિધાર્થીઓને સમયપત્રક કેવી રીતે પહોચાડ્યું? કાર્યક્રમ બાબતે વિધાર્થીઓમાં જાગૃતિ કઇ રીતે લાવ્યા ? વિધાર્થીઓએ કાર્યક્રમ નિહાલળ્યો/ પ્રવૃતિઓ કરી કે નહીં?'- વગેરે બાબતની જાણકારી માટે આપે શું કર્યું? જો વિધાર્થીઓએ કાર્યક્રમ નિહાળ્યો તો, "તેઓને તેમાં કઇ બાબતની સમજ ન પડી અથવા કન્ટેન્ટમાં મુશ્કેલી પડી?" વગેર બાબતોની જાણકારી તથા ફોલોઅપ માટે આપે શું કર્યું? વિધાર્થીઓને |

| | |
|---|---|
| | શું માર્ગદર્શન આપ્યું?, જે વિધાર્થીઓના ઘરે ટીવી નથી અથવા અન્ય કોઈ ડિજિટલ માધ્યમ નથી તેઓને કેવી રીતે જોડ્યા?" આ તમામ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? આ કાર્યમાં પડેલ મુશ્કેલીઓના નિરાકરણ માટે આપે ક્યા ક્યા પ્રયાસ કર્યા? ડીડી ગીરનાર પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યકરમના કારણે શું શું ફાયદા થયા?- આ તમામ બાબતોની નોંધ અહીં લખવી.)<br>• સમયપત્રકની ઝેરોક્ષ કોપી દરેક વિધાર્થીને ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં રૂબરૂ આપી. ગામમા એકપણ ટેલિવિઝન નથી. મારા ઘરનું જુનું ટેલિવિઝન એક વાલીના ઘરે આપ્યું જેથી નજીકના વિધાર્થીઓ શૈક્ષણિક કાર્યક્રમો નિહાળી શક્યા પણ થોડા સમય બાદ જાણવા મળ્યું કે ટેલીવીઝનનો શૈક્ષણિક કાર્ય માટે ઓછો ઉપયોગ અને અન્ય કાર્યક્રમો માટે વધુ ઉપયોગ થવા લાગ્યો. ટીવીના દુરૂપયોગ અંગે પણ જે-તે વાલીને સમજાવી શૈક્ષણિક કાર્ય માટે જ ખાસ ઉપયોગ કરવા જણાવ્યું.<br>• ગરીબ વાલી માટે ટીવી, લાઇટબીલ માટે પણ પ્રશ્ન હતો જે માટે મેં મારા સ્વખર્ચે લાઈટ બિલ ભરવાની જવાબદારી લીધી.<br>• ડીડી ગિરનાર ના શૈક્ષણિક કાર્યક્રમોના કારણે બાળકો ઘરે જ ટીવી માધ્યમથી વિષય વસ્તુનું શિક્ષણ મેળવી શક્યા.<br>• **વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો** (વિધાર્થીઓને સમયપત્રક કેવી રીતે પહોચાડ્યું? કાર્યક્રમ બાબતે વિધાર્થીઓમાં જાગૃતિ કઇ રીતે લાવ્યા ? વિધાર્થીઓએ કાર્યક્રમ નિહાલળ્યો/ પ્રવૃતિઓ કરી કે નહીં?'- વગેરે બાબતની જાણકારી માટે આપે શું કર્યું? જો વિધાર્થીઓએ કાર્યક્રમ નિહાળ્યો તો, "તેઓને તેમાં કઈ બાબતની સમજ ન પડી અથવા કન્ટેન્ટમાં મુશ્કેલી પડી?" વગેર બાબતોની જાણકારી તથા ફોલોઅપ માટે આપે શું કર્યું? વિધાર્થીઓને |

| | |
|---|---|
| | શું માર્ગદર્શન આપ્યું? "જે વિધાર્થીઓના ઘરે ટીવી નથી અથવા અન્ય કોઈ ડિજિટલ માધ્યમ નથી - તેઓને કેવી રીતે જોડ્યા?" આ તમામ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? આ કાર્યમાં પડેલ મુશ્કેલીઓના નિરાકરણ માટે આપે ક્યા ક્યા પ્રયાસ કર્યા? ડીડી ગીરનાર પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યકરમના કારણે શું શું ફાયદા થયા?- આ તમામ બાબતોની નોંધ અહીં લખવી.)<br>• સમયપત્રકની ઝેરોક્ષ કોપી દરેક વિધાર્થીને ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં રૂબરૂ આપી. ગામમા એકપણ ટેલિવિઝન નથી. મારા ઘરનું જુનું ટેલિવિઝન એક વાલીના ઘરે આપ્યું જેથી નજીકના વિધાર્થીઓ શૈક્ષણિક કાર્યક્રમો નિહાળી શક્યા પણ થોડા સમય બાદ જાણવા મળ્યું કે ટેલીવીઝનનો શૈક્ષણિક કાર્ય માટે ઓછો ઉપયોગ અને અન્ય કાર્યક્રમો માટે વધુ ઉપયોગ થવા લાગ્યો. ટીવીના દુરૂપયોગ અંગે પણ જે-તે વાલીને સમજાવી શૈક્ષણિક કાર્ય માટે જ ખાસ ઉપયોગ કરવા જણાવ્યું.<br>• ગરીબ વાલી માટે ટીવી, લાઇટબીલ માટે પણ પ્રશ્ન હતો જે માટે મેં મારા સ્વખર્ચે લાઈટ બિલ ભરવાની જવાબદારી લીધી.<br>• ડીડી ગિરનાર ના શૈક્ષણિક કાર્યક્રમોના કારણે બાળકો ઘરે જ ટીવી માધ્યમથી વિષય વસ્તુનું શિક્ષણ મેળવી શક્યા.<br>• **Whatsapp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8)** (વિધાર્થીઓને કેવી રીતે એડ કર્યા? વધુમાં વધુ વિધાર્થી ટેસ્ટ આપે તથા તેની જાગૃતિ / જાણકારી માટે આપે શું પ્રયાસ કર્યા? Whatsapp ટેસ્ટથી શું ફાયદો થયો વગેરેની વિગતો અહીં નોંધાવી.)<br>• સ્માર્ટફોન કોઇ પણ વિધાર્થીઓ કે વાલીઓ પાસે નથી, જેથી શિક્ષકના સ્માર્ટફોન અને શાળા ટેબ્લેટનો ઉપયોગ કરી શિક્ષકની રૂબરૂમાં શક્ય એટલા વિધાર્થીઓને વૉટ્સએપ ટેસ્ટ અપાવ્યા. |

| | |
|---|---|
| | • વિધાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ જાણી શકાઈ.<br>• **વર્ચ્યુંઅલ શિક્ષણ** (Microsoft teams, google meet, jio meet, zoom app વગેરેના માધ્યમથી)<br>• ગામ માં એકપણ વિધાર્થીકે વાલી પાસે સ્માર્ટફોન નથી. મારાએક જુના સ્માર્ટફોનનો વિધાર્થીઓને શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવા આપેલ તેમજ ભુતપૂર્વ વિધાર્થીઓના સ્માર્ટફોનનો શાળાના વિધાર્થીઓ શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરી શકે તે માટે સ્વયંસેવક તરીકેની જવાબદારી સોંપી. આમ ત્રણ જેટલા સ્માર્ટફોનનો ઉપયોગ કરી Microsoft teams દ્વારા શિક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો.<br>• નેટવર્કનો પણ પ્રોબ્લેમ સર્જાતો હતો અને સ્માર્ટફોન ઑપરેટ કરવામાં પણ વિધાર્થીઓને મુશ્કેલી નડતી હતી જે અંગે પ્રત્યક્ષ પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• **શેરીવર્ગ / ફળિયાશિક્ષણઃ** કોરોના મહામારીમાં શાળાઓ બંધ હોઈ ટેકનોલોજીના માધ્યમથી વિધાર્થીઓને ઑનલાઇન શિક્ષણ આપવાનું હતું. પરંતુ ગામમાં ટેકનોલોજી અને સંદેશાવ્યવહારનો બિલકુલ અભાવ હોય વિધાર્થીઓ અને વાલીઓ નો રૂબરૂ સંપર્ક એજ એક વિકલ્પ હતો..<br>• વિધાર્થીઓની મનોસામાજિક માવજત, બીક, તેમને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ વગેરે જેવી બાબતો માટે સરકારશ્રીની ગાઈડલાઈનના પાલન સાથે દરેક વાલીઓ અને વિધાર્થીઓનો સંપર્ક કર્યો.<br>• કોરોના રોગ વિશે માહિતગાર કરી કોરોના સંક્રમણના કારણો અને કોરોનાથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• દરેક વાલીઓને પોતાના બાળકને સરકારશ્રી ની ગાઈડલાઈનના પાલન સાથે નિયમિત રીતે શેરી શાળામાં મોકલવા સમજાવ્યા. |

| | |
|---|---|
| | • વાલીઓની સંમતિથી વિધાર્થીઓને ઘરે ઘરે જઇને શિક્ષણ આપવાનો નવતર પ્રયોગ શરૂ કર્યો. જે અરવલ્લી જિલ્લાની ઘર આંગણાની શેરી શાળાની પહેલ હતી. જેને અખબાર દ્વારા પ્રસિદ્ધિ મળી જેના કારણે અનેક શિક્ષકોને ઘરે ઘરે જઇને વિધાર્થીઓને શિક્ષણ આપવા માટે પ્રોત્સાહિત કરવા પ્રેરણા મળી.<br>• **શેરી શાળામાં પડેલી મુશ્કેલીઓઃ** શાળાની કેટલીક ભૌતિક સુવિધાનો અભાવ જેવીકે.. પાથરણાં ,ડેક્સ ,પંખા, ખુલ્લી જગ્યા, પીવાનુ પાણી, શૌચાલય, મ.ભો.યોજના, બ્લેકબોર્ડ, શાળાનું શાંતિમય વાતાવરણ, સ્વચ્છતા વગેરે ની દુવિધા.<br>• વિધાર્થીઓનું પણ શાળા બંધ હોવાથી ઘરકામ અને આર્થિક ઉપાર્જનમાં જોડાઇ જવું. જેથી વાલીઓ અને વિધાર્થીઓ શિક્ષણ પ્રત્યે નિરસ અને નિષ્ક્રિય બન્યા.<br>• ગરીબ વિધાર્થીઓ માટે શિક્ષણ સામગ્રીનો અભાવ<br>• ગામના કોઈ પણ સ્થળે શેરી શાળા ચલાવીએ પણ દરેક સ્થળે બકરાં, મરઘાં,માખી મચ્છરોનો ઉપદ્રવ જેવી અનેક મુશ્કેલી નડતરરૂપ હતી.<br>• **શેરી શાળામાં પડેલી મુશ્કેલી નું નિવારણઃ** શાળાના પાથરણાં, ડેક્સ, બ્લેકબોર્ડ શેરી શાળામાં લઈ જવામાં આવ્યા.<br>• પીવાના પાણી માટે માટલાં ની વ્યવસ્થા કરી.<br>• વિધાર્થીઓમાટે મારા ઘરેથી દરરોજ પૌષ્ટિક નાસ્તો લાવીને આપવાની વ્યવસ્થા કરી.<br>• જે ઘરે શેરી શાળા ચલાવવામાં આવે તે ઘરના તમામ સભ્યોને ઓછો કોલાહલ કરી શાન્તિ જાળવવા મદદરૂપ થવા વિનંતી રૂપે સમજાવવામાં આવ્યું. |

| | |
|---|---|
| | • ઘરકામ અને આર્થિક ઉપાર્જનમાં જોડાઇ ગયેલા વિદ્યાર્થીઓના વાલીઓને શેરી શિક્ષણનું મહત્વ સમજાવ્યું અને વિદ્યાર્થીઓ ને પુનઃ શિક્ષણ સાથે જોડવા પ્રયત્ન કર્યો.<br>• દરેક વિદ્યાર્થીને સ્વખર્ચે શૈક્ષણિક સામગ્રી પુરી પાડવામાં આવી.<br>• શેરી શાળાની જગ્યાએ જાતે જ સફાઇ કરી જગ્યાને સાફ સુથરી બનાવી.<br>• બકરાં, મરઘાંને દુર કરવા ખાટલાની આડશ કરી<br>• માખી મચ્છરોનો ઉપદ્રવ દુર કરવા જવાનો છંટકાવ કરવામાં આવ્યો.<br>• **શેરી શાળાના ફાયદાઃ** વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ દર શૂન્ય રહ્યો.<br>• વિદ્યાર્થીઓ અને વાલીઓ કોરોના ગાઇડ લાઇનનું પાલન કરતા થયા.<br>• વિદ્યાર્થીઓ શિક્ષણ કાર્ય સાથે જોડાઈ રહ્યા.<br>• વિદ્યાર્થીઓને કટોકટીના સમયમાં શિક્ષકના પ્રેમ અને હૂંફ મળી. તેમને મુંઝવતા પ્રશ્નો નું નિરાકરણ થયું.<br>• વિદ્યાર્થીઓ નવીનતમ પ્રવૃત્તિ કરતાં થયાં.<br>• શિક્ષકને નવતર પ્રયોગો કરવાની તક મળી.<br>• વિદ્યાર્થીઓ એકમ કસોટી, ઘરે શીખીએ પુસ્તિકાઓ, દર્પણ ડાયરી ના કાર્ય સરળતાથી કરી શક્યા.<br>• શિક્ષક અને વાલીઓ વચ્ચેની આત્મીયતા ગાઢ બની.<br>• વાલીઓની નજર સમક્ષ શિક્ષણ આપવામાં આવતું હોવાથી સરકારી શાળાના શિક્ષણકાર્યને નિહાળવાનો પ્રત્યક્ષ અનુભવ મળ્યો જેથી સરકારી શાળા નું મહત્વ સમજાયું.<br>• **શેરી શાળા માટે મળેલ સહયોગઃ** એસ.એમ.સી.કમિટિ, વાલીઓ, ગ્રામજનો અને વિદ્યાર્થીઓનો સહયોગ મળ્યો. |

| | |
|---|---|
| | • **શાળાની પોતાની YouTube ચેનલ, YouTube પરની શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ:-** You Tube ચેનલ પર શાળાના શૈક્ષણિક કાર્યના વિડિયો મુકેલા છે તેમજ શૈક્ષણિક ઈનોવેશનના વિડિયો મુકેલા You Tube પર ની અન્ય શૈક્ષણિક સામગ્રી નો ઉપયોગ શાળાના બાળકો માટે કરવામાં આવ્યો.<br>• **દીક્ષા એપ:** દીક્ષા એપ દ્વારા શિક્ષક સજ્જતા માટે ની તમામ તાલીમ લીધેલ છે<br>• **ઓનલાઈન ક્વીઝ:-** વૉટ્સએપ માધ્યમ દ્વારા ઑનલાઇન ક્વિઝમાં ભાગ લીધેલ છે.<br>• **વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત:** કોરોના મહામારીમાં શાળાઓ બંધ હોઈ ટેકનોલોજીના માધ્યમથી વિધાર્થીઓને ઑનલાઇન શિક્ષણ આપવાનું હતું, પરંતુ ગામમાં એકપણ વાલી કે વિધાર્થીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝનની સુવિધા ઉપલબ્ધ નથી. જેથી ઘરે ઘરે જઈને વાલીઓ અને વિધાર્થીઓની રૂબરૂ મુલાકાત કરી. કોરોના રોગ વિશે માહિતગાર કર્યા અને કોરોના સંક્રમણના કારણો અને કોરોનાથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• સરકારશ્રીની ગાઈડલાઈનના પાલન સાથે વિધાર્થીઓને શેરી શાળામાં મોકલવા સંમતિ મેળવી.<br>• શિક્ષક દ્વારા પ્રત્યક્ષ આપવામાં આવતા શિક્ષણ અને ગૃહકાર્ય માટે કાળજી લેવા જણાવ્યું.<br>• શેરી શાળાના સમય પત્રક અને આયોજનથી બાળકોને વાકેફ કર્યા.<br>• ટેકનોલોજીના માધ્યમથી પણ શૈક્ષણિક કાર્ય શરૂ છે જે અંગે પણ વાકેફ કર્યા. વિધાર્થીઓની શેરી શાળામાં દરરોજ રૂબરૂ મુલાકાત થતી.<br>• **વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન માટે આપે કોઈ વિશેષ પ્રયાસ કર્યા હોય તો તેની નોંધ :-** શેરી શાળામાં શિક્ષક દ્વારા પ્રત્યક્ષ |

| | |
|---|---|
| | આપવામાં આવતા શિક્ષણના મુલ્યાંકન માટે શૈક્ષણિક મુલ્યાંકન શીટ સ્વહસ્તાક્ષરે તૈયાર કરી એની ઝેરોક્ષ કોપી કરીને દરેક વિધાર્થીને વ્યક્તિગત આપી હતી જે અંતર્ગત બાળકોના શૈક્ષણિક સિદ્ધિના મુલ્યાંકનની ચકાસણી કરેલ છે જેના દ્વારા વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણી શકાઈ.<br>• **વિધાર્થીઓને કોઈપણ માધ્યમથી નિયમિત ગૃહકાર્ય આપવામાં આવતું હોય અને તેની ચકાસણી થતી હોય તો તે માટે આપે ક્યો પ્રયોગ કર્યો અને કેવી રીતે સફળતા મેળવી તે અંગેની નોંધઃ** શેરી શાળામાં શિક્ષક દ્વારા વિષય વસ્તુ અંતર્ગત ગૃહકાર્ય આપવામા આવતું જેના લેખન માટે દરેક વિધાર્થીને નોટબુક પેન, પેન્સિલ વગેરે જેવી સ્ટેશનરી સ્વખર્ચે પુરી પાડવામાં આવી જેથી વિધાર્થીઓ આપેલ ગૃહકાર્યની નિયમિત નોંધ કરી. જેની શેરી શાળામાં શિક્ષક દ્વારા ગૃહકાર્યની નિયમિત ચકાસણી કરવામાં આવતી.<br>• હરતું ફરતું ગૃહકાર્ય શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી અમલીકરણ કરવામાં આવ્યું.<br>• કાંકરાથી શીખીએ શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી તેનો અમલ કરવામાં આવ્યો. જેમાં વાલીઓ દ્વારા ગૃહકાર્ય ની પ્રવૃતિ આપી.<br>• **વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધઃ** હરતું ફરતું ગૃહકાર્ય શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી અમલ કરવામાં આવ્યો. જેમાં શેરી શાળામાં રિશેષ સમયે વિધાર્થીઓના ઘરની દિવાલો પર અંકજ્ઞાન માટે ચડતો ઉતરતો ક્રમ, પહેલા-વચ્ચે, પછી આવતી સંખ્યા, ઘડિયા, મુળાક્ષર વગેરેનું લખાણ કરવામાં આવ્યું. જેથી વિધાર્થીઓની આવતા જતા આ લખાણ પર નજર પડે અને સરળતાથી શીખી શકે એ હેતુથી આ ઈનોવેશનનું આયોજન કરવામાં |

| | |
|---|---|
| | આવ્યું. આ ઇનોવેશનને અખબાર દ્વારા પ્રસિદ્ધિ મળી જેના કારણે અનેક શિક્ષકોને નવતર પ્રયોગની પ્રેરણા મળી.<br>• કાંકરાથી શીખીએ શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી અમલ કરવામાં આવ્યો. જેમાં વાલીઓને પોતાના ઘરની ઓસરીના લીંપણમાં શિક્ષક દ્વારા ચોકથી અંક અને મુળાક્ષરોનું ચિત્રાંકન કરી આપવામાં આવ્યું હતું. વિધાર્થીઓને મહાવરો અને દ્ઢીકરણ માટે વારંવાર કાંકરાના ઉપયોગથી મુળાક્ષર અને અંક પર કાંકરાની ગોઠવણી કરવાની પ્રવૃત્તિ આપી. વિધાર્થીઓ ઝડપથી મુળાક્ષર અને અંકને ઓળખતા અને લખતા થાય એ હેતુથી આ ઇનોવેશનની પ્રવૃત્તિ આપવામાં આવી.<br>• ગૃહકાર્ય અને વિષય વસ્તુના લેખન માટે નોટબુક, પેન, પેન્સિલ, કલર, શાર્પનર, રબર જેવી સ્ટેશનરી સ્વખર્ચે પુરી પાડી જેના કારણે બાળકો વિષય વસ્તુ શિક્ષણનું લેખન કરતાં થયાં.<br>• **વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઇ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધઃ** પત્તે પે પત્તા શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી અમલ કરવામાં આવ્યો. જેમાં વિધાર્થીઓ સ્વપ્રયત્ને ગોખણપટ્ટી વિના મુળાક્ષર, શબ્દો, વાક્યો, પાયાનું વ્યાકરણ, એબીસીડી, સ્પેલીન્ગ વગેરે સરળતાથી શીખી શકે છે. લોકડાઉન સમયમાં વિધાર્થીઓએ આ પ્રવૃત્તિ દ્વારા 2500 થી વધારે કાર્ડ પત્તા બનાવેલ છે. કાર્ડ, પત્તા બનાવવા માટેનું રોમટિરિયલ્સ સ્વખર્ચે પુરૂ પાડવામાં આવેલ છે.<br>• પસ્તીનાં રમકડાં શીર્ષક હેઠળના ઇનોવેશન નું આયોજન કરી અમલ કરવામાં આવ્યો. જેમાં ધોરણ એક અને બે ના વિધાર્થીઓ માટે પર્યાવરણ, ગણિત અને ભાષાની અનેક અધ્યયનનિષ્પતિઓ સિધ્ધ થાય છે જેમકે પશુ,પંખી, વાહનો, શાકભાજી, ફળ, ફુલ વગેરેની |

| | |
|---|---|
| | ઓળખ અને વર્ગીકરણ, આકારો, મુળાક્ષરો, એબીસીડી અને અંકનું લેખન, ગણતરી કરવી, સરવાળા, બાદબાકી વગેરે શીખે છે.<br>• **વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તો તે અંગેની નોંધ:** એકપણ વાલી કે વિધાર્થીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝન ની સુવિધા ઉપલબ્ધ નથી. ગામ આખું ટેકનોલોજી વિહોણું છે સંદેશાવ્યવહાર માટે મારો પોતાનો એક જુનો સ્માર્ટફોન અને જુનું ટીવી વિધાર્થીઓના શૈક્ષણિક કાર્યના ઉપયોગ માટે આપ્યા.<br>• મારા ભુતપૂર્વ વિધાર્થીઓ કે જે રોજગાર અર્થે શહેરમાં રહેતા હતા તેઓ લોકડાઉન સમયમાં વતન પરત આવેલા એમની પાસે ના સ્માર્ટફોનનો ગામના વિધાર્થીઓ માટે શિક્ષણ કાર્યમાં ઉપયોગ થાય તે હેતુથી આ ભુતપૂર્વ વિધાર્થીઓને સ્વયંસેવક તરીકે ની જવાબદારી સોંપી. જરૂર જણાયે લેખિત સુચનાઓ રૂપ સંદેશો પહોંચાડવા સુચનપત્ર આપવાની વ્યવસ્થા દુધડેરીના માધ્યમથી કરી.<br>• **વિધાર્થીઓના હોમ લર્નિંગ માટે એસ.એમ.સી સભ્યો, સ્વયંસેવકો, ગ્રામપંચાયત અથવા ગામલોકોનો સહયોગ મેળવ્યો હોય તો તે અંગેની વિગતવાર નોંધ:** એસ.એમ.સી કમિટી દ્વારા વિધાર્થીઓને શેરી શાળામાં નિયમિત મોકલવા અંગે વાલીઓમાં જાગૃતિ લાવવા પ્રેરિત કર્યા. સ્વયંસેવકો દ્વારા શિક્ષણ માટે એમના સ્માર્ટફોનનો ઉપયોગ કરાવવાની જવાબદારી સોંપી સહયોગ મેળવ્યો.<br>• શેરી શાળા ચલાવવા માટે ગામલોકોના ઘરની ઓસરીને ઉપયોગમાં લેવા સહયોગ આપ્યો.<br>• દુકાનદારો અને દુધ ડેરીના કર્મચારીઓના સહયોગથી શૈક્ષણિક મટિરિયલની આપ લે માટે સહકાર મળ્યો. |

| | |
|---|---|
| | • **જે વિધાર્થીઓએ પાસે બિલકુલ ટેક્નોલોજીનો અભાવ છે તેઓના શિક્ષણ માટે આપે કોઇ વિશિષ્ટ પ્રયત્નો કરેલ હોય તો તેની નોંધ:** ઘરે ઘરે જઈને વિધાર્થીઓને શિક્ષણ આપવાના નવતર પ્રયોગની પહેલ કરી.<br>• ઘર આંગણાની શાળા અને શેરી શાળાનું નિયમિત આયોજન કરવામાં આવ્યું.<br>• ગામમાં છુટાછવાયા ઘરો હોવાથી શેરી શાળા માટે શાળા સમય ઓછો પડતો જેથી બે થી ત્રણ કલાકનો વધુ સમય ફાળવી સમયદાન આપી શેરી શિક્ષણને સફળ બનાવવા માટે પ્રયત્ન કર્યા.<br>• વિધાર્થીઓને શૈક્ષણિક ઈનોવેશન અને અવનવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ આપીને શેરી શિક્ષણ રસપ્રદ બનાવ્યું.<br>• શિક્ષકો અને સ્વયંસેવકના સ્માર્ટફોનનો શૈક્ષણિક કાર્ય માટે સહયોગ મેળવ્યો.<br>• પુર્ણ સમયની શેરી શાળામાં રિશેષ પછી પણ સંખ્યા જળવાઈ રહે તે માટે મ.ભો.યો.બંધ હોવાથી ઘરેથી પૌષ્ટિક નાસ્તો આપવાની વ્યવસ્થા કરી જેથી દુર દુર ના છુટાછવાયા ઘરોમાંથી આવતા બાળકો પુર્ણ સમય એકાગ્ર બની શેરી શાળામાં રોકાઈને શિક્ષણ મેળવી શકે.<br>• **GCERT દ્વારા પ્રત્યેક અઠવાડિયે "એક કદમ આગળ" શીર્ષક હેઠળ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ ભાષાના પ્રશ્નો મૂકવામાં આવે છે. જે અન્વયે** એક કદમ આગળના પ્રશ્નોના ઉત્તર આપવામાં ભાગીદારી નોંધાવી હતી.<br>• **હોમલર્નિંગ સંદર્ભે આપનો અભિપ્રાય:** ટેકનોલોજીનો બિલકુલ અભાવ હોય ત્યાં દરેક વિધાર્થી માટે ટેકનોલોજી પુરી પાડવી.<br>• વિધાર્થીઓના બૌધિક વિકાસ માટેની રમતો પ્રવૃત્તિઓ આપવી |

| | |
|---|---|
| | • શિક્ષિત બેરોજગારોને માનદ વેતન આપી વિધાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે જોડી શકાય જેથી છુટાછવાયા ઘરોમાં રહેતા દરેક વિધાર્થીઓને હોમલર્નિંગ માટે પુરતું માર્ગદર્શન મળી રહે. |
| **અન્ય કામગીરીની વિગત** | • દિક્ષા એપની શિક્ષક સજ્જતાની તાલીમો પુર્ણ કરી.<br>• લોકડાઉન સમયે ઘરકામમાં જોડાઇ જવાથી વિધાર્થીઓ અને ખાસ કરીને દિકરીઓ ડ્રોપઆઉટ ન થાય તે માટે ધોરણ 1 થી 12 સુધી અભ્યાસ કરતા તમામ વિધાર્થીઓ વાલીઓ ની રૂબરૂ મુલાકાત કરી માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• મા-દિકરી મિલન જેવા સામાજિક ઇનોવેશન દ્વારા લોકડાઉન સમયમાં દિકરીઓમાં જીવન કૌશલ્યો વિકસાવવા માટેની પ્રવૃત્તિઓની સમજ અને પ્રવૃત્તિ માટેની સામગ્રી આપી. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | • તમામ ગ્રામજનોની રૂબરૂ મુલાકાત કરી અફવાઓ દુર કરી કોરોના રોગ અંગે માહિતી આપી.<br>• કોરોનાથી બચવાના ઉપાયો અને સંક્રમિત થવાના કારણો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• કોવિડ 19 એટલે શું? માસ્ક એટલે શું? સંક્રમિત એટલે શું? જેવા પ્રશ્નો નુ નિરાકરણ કર્યું.<br>• માસ્કનો ઉપયોગ, સેનેટાઇઝરનો ઉપયોગ, સામાજિક અંતર જાળવવું, નાસ લેવો, વારંવાર સાબુથી હાથ ધોવા, અગત્યના કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળવું, ઉકાળાનું સેવન કરવું, કોરોનાના લક્ષણો જણાય તો તરત જ નજીક ના PHC સેન્ટરનો સંપર્ક કરી સારવાર લેવી વગેરેની સમજ આપી. |
| **બાળકોનું મુલ્યાંકન** | • એકમ કસોટી, સ્વ અધ્યયન પોથી, ઘરે શીખીએ પુસ્તિકા, પાઠ્યપુસ્તકોના લેખન, નિદાન કસોટી, અધ્યયન નિષ્પત્તિમાં જોવા મળેલ સિદ્ધિ, શેરી શાળામાં નિયમિત અપાતા ગૃહકાર્યની ચકાસણી, |

| | |
|---|---|
| | એકમ કસોટીઓ ની ચકાસણી, ઉપચારાત્મક શિક્ષણ કાર્ય, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વૉટ્સએપ ટેસ્ટને આધારે મૂલ્યાંકન કાર્ય હાથ ધર્યું.<br>• કચાશ ધરાવતા બાળકો માટે શિક્ષક દ્વારા સ્વ-હસ્તાક્ષરે મુલ્યાંકન શીટ બનાવી એની ઝેરોક્ષ કોપી કરીને દરેક બાળકને આપી જેમાં મેળવેલ શિક્ષણ અંતર્ગત વિધાર્થીઓ દ્વારા લેખન કરાવીને તેની ચકાસણી શિક્ષક દ્વારા કરવામાં આવી અને જે આધારે બાળકોનું શૈક્ષણિક મુલ્યાંકન કરવામાં આવ્યું. |
| **પરિણામ / તારણ** | • કોરોના મહામારીના લોકડાઉન સમયમાં શાળાઓ બંધ હોવા છતાં વિધાર્થીઓ શિક્ષણકાર્ય સાથે જોડાઇ રહ્યા.<br>• અધ્યયન નિષ્પત્તિઓની સિધ્ધિ પ્રાપ્ત કરી.<br>• સ્વાધ્યાયપોથી અને ઘરે શીખીએ પુસ્તિકા, દર્પણ ડાયરીનું કાર્ય કરી શક્યા.<br>• એકમ કસોટી અને નિદાન કસોટી આપી શક્યા.<br>• કોરોના મહામારીની જાગૃતિ અને માર્ગદર્શનથી ભૂતા ગામ માં એકપણ કોરોના પોઝિટિવ કેસ નોંધાયો નથી. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**



## 3.2 ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિ સ્વરૂપે તૈયાર કરેલ ગૂગલ ફ્રોર્મ દ્વારા શાળાની રૂબરૂ મુલાકાત લઇ સંશોધનના હેતુઓ અનુસાર માહિતી એકત્ર કરી તેને વ્યક્તિ-અભ્યાસના સોપાનો મુજબ ગોઠવવામાં આવ્યાં હતા. પ્રશ્નાવલિના મુદ્દાઓના અનુસંધાનમાં શાળાઓના શિક્ષક પાસેથી મળેલ માહિતીનું તુલનાત્મક પૃથક્કરણ અને અર્થઘટન કરી તેને આધારે શાળાના નવતર પ્રયોગોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી અને તેને આધારે ચાવીરૂપ તારણોની વિગતો હવે પછીના પ્રકરણમાં આપવામાં આવેલ છે.

# પ્રકરણ 4

# સંશોધન સારાંશ, તારણો અને ભલામણો

## 4.0 પ્રસ્તાવના :

કોઇપણ સંશોધનના પાયામાં હેતુઓ, મળેલ સંશોધન માહિતીનું એકત્રીકરણ, પૃથકકરણ અને તેને આધારે અર્થઘટનનો સમાવેશ થાય છે, અને તેને આધારે જ સંશોધન માટેના તારણો બાંધી શકાય છે. કોઇપણ સંશોધનનો મુખ્ય ઉદેશ પણ સમસ્યાનો જીણવટભર્યો અભ્યાસ કરીને તે અંગેનાં તારણો કાઢવાનો હોય છે તારણો સંશોધનનું હાર્દ છે. સમગ્ર સંશોધનનો નિચોડ છે તારણોથી સંશોધક કે અન્ય વ્યકિતઓની કોઇપણ સમસ્યાનાં કારણો અંગેની ધારણાઓ હોય અથવા સમસ્યાના ક્ષેત્રના અંગે કોઇપણ માન્યતાઓ હોય તેને કાં તો સમર્થન મળે છે અથવા માન્યતા કે ધારણા ખોટી ઠરે છે. તારણોથી ભવિષ્યના સંશોધનોના ક્ષેત્રો ખુલ્લા થાય છે, અને સમસ્યાના ક્ષેત્રમાં સુધારણા કાર્યને દિશાસૂચન મળે છે. આ અભ્યાસમાં મળેલ માહિતીનું પ્રકરણ-4 માં વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું અને આ વિશ્લેષણને જુદા જુદા દષ્ટિકોણથી મૂલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કોવિડ 19 ના કારણે દરેક ક્ષેત્રમાં ફેરફારો થયા ત્યારે શાળા શિક્ષણ બંધ ન રહે તેમજ વિધાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ કાર્ય મેળવી શકે તે માટે જિલ્લામાં શિક્ષકોએ કરેલ નવતર પ્રયાસોનો અભ્યાસ કરવાનો વિચાર સંશોધકને સૂઝયો હતો. કોરોના વાયરસના કારણે સર્જાયેલી અસાધારણ પરિસ્થિતિમાં શિક્ષકોએ હાથ ધરેલ નવતર શૈક્ષણિક પ્રયોગ જેવા કે, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ, વિધાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ, ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતોને કેસસ્ટડીના માધ્યમથી તપાસવામાં આવી હતી. આ માહિતીના વિશ્લેષણને આધારે મળેલ તારણો, અભ્યાસના હેતુઓની ચકાસણી કરવામાં આવી હતી અને આ તમામ બાબતોને આધારે સંશોધનનો સારાંશ તેના તારણો, સૂચનો અને ભાવિ સંશોધનો માટેના સૂચનો કરવામાં આવ્યાં છે.

## 4.1 સંશોધન સારાંશ :

પ્રસ્તુત સંશોધનમાં શાળા શિક્ષણ બંધ ન રહે તેમજ વિધાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ કાર્ય મેળવી શકે તે માટે જિલ્લામાં શિક્ષકોએ કરેલ નવીન પ્રયાસોનો અભ્યાસ કરવાનો હોઇ સહેતુક નમૂના પસંદગી દ્વારા જિલ્લામાં થયેલ શ્રેષ્ઠ નવીન પ્રયાસોને અલગ તારવવામાં આવ્યાં હતા. તેમજ દરેક વ્યાખ્યાતાને તેમના લાયઝનીંગ વિસ્તારના શ્રેષ્ઠ પ્રયાસો કે નવતર શૈક્ષણિક પ્રયોગોનો અભ્યાસ હાથ ધરવા સૂચિત કરવામાં આવેલ હતું. જે પૈકી સંશોધકનો લાયઝનીંગ વિસ્તાર માલપુર તાલુકો હોઇ માલપુર તાલુકાની કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોની રૂબરૂ શાળા મુલાકાત લઇ શિક્ષકો સાથે વાર્તાલાપ કરી સ્વરચિત પ્રશ્નાવલિના માધ્યમથી તેમના નવીન પ્રયોગોની વિગતો નોંધવામાં આવી હતી. આ ઉપરાંત ગૂગલફોર્મના માધ્યમથી અન્ય માહિતી તેમજ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો સંબંધી ફોટોગ્રાફની વિગતો એકત્ર કરવામાં આવી હતી. શાળાઓની મળેલ માહિતીનું તુલનાત્મક પૃથક્કરણ અને અર્થઘટન કરી તેને આધારે શાળાના નવતર પ્રયોગોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી અને તેને આધારે ચાવીરૂપ તારણો તારવવામાં આવ્યાં હતા.

## 4.2 તારણો :

પ્રસ્તુત સંશોધનનાં ચાવીરૂપ તારણો આ મુજબ છે.

- માલપુર તાલુકાની કાનેરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી પટેલ સતિષકુમાર જયંતિભાઇ દ્વારા **મારી કલા, શૈક્ષણિક કાર્ય અને ટેકનોલોજીનો ઉપયોગ**નો નવતર શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવામાં આવેલ હતો.
- શિક્ષકે કોવિડ-19 સમયગાળા દરમિયાન વર્ક ફ્રોમ હોમ અંતર્ગત ધોરણ 1 થી 8 ના બાળકો માટે 160 જેટલા શૈક્ષણિક ટી.એલ.એમ.નિર્માણ કર્યાં હતાં.
- લોકડાઉનના શરૂઆતના સમયગાળામાં બાળકોના ઘરે-ઘરે જઇને કેલીગ્રાફી ડિઝાઇન દ્વારા અક્ષરો સુધારા માટેના શિક્ષકે પ્રયાસો કરેલ હતા.
- શિક્ષકે બાળકો માટે નિબંધલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને કાવ્ય સ્પર્ધાનુ આયોજન કરી તેમને સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

- શિક્ષકે સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત બાળકો માટે પખવાડિયાનું ગૃહકાર્ય, ઘરે શીખીએ પુસ્તિકા પ્રવૃત્તિઓ, ટી.એલ.એમ. નિર્માણ કરી શૈક્ષણિક કાર્યમાં ઉપયોગ, વર્ચ્યુઅલ કલાસ રૂમ દ્વારા શૈક્ષણિક કાર્ય, એકમ કસોટી ( સામયિક મૂલ્યાંકન કસોટી) અને પુનઃ કસોટી, ડી.ડી ગિરનાર ગુજરાતી ચેનલના શૈક્ષણિક કાર્યક્રમોનો અમલ, શાળાના નામનું WhatsApp ગ્રુપ, શેરી શાળા દ્વારા શૈક્ષણિક કાર્ય, શેરી શાળામાં આસન, યોગ, સૂર્યનમસ્કાર અને રમતો, WhatsApp આધારિત સાપ્તાહિક મૂલ્યાંકન અને પ્રિય બાળકોની શેરી શાળા જેવા વિશિષ્ટ કાર્યક્રમોનું સફળ આયોજન કરેલ હતું.
- શિક્ષકે બાળકોની ઘરે શીખીએ પુસ્તિકા પુરાવી, પ્રવૃત્તિઓ કરાવી અને પુસ્તિકા તપાસણી કરીને ઓનલાઈન ડેટા એન્ટ્રી કરી, સામયિક એકમ કસોટી પૂર્ણ કરાવીને તપાસીને પુન: કસોટી પૂર્ણ કરાવી તપાસણી કરી ઓનલાઇન સ્કેનિંગ કરી, ડી.ડી.ગિરનાર પર પ્રસારિત થતા હોમલર્નિંગમાં દરેક બાળક દરરોજ ભાગ લે તેની તકેદારી રાખી, બાળકોને નિબંધલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને કાવ્ય સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી તેમજ શેરીશાળામાં બાળકો નિયમિત આવે ગૃહકાર્ય લાવે તેનું સતત ધ્યાન રાખી આ પ્રયોગને સફળ બનાવેલ હતો.
- શિક્ષકના આ પ્રયોગને કારણે,
    - કેલીગ્રાફીથી ડિઝાઇન વારંવાર દોરાવાથી બાળકોના અક્ષરોમાં સુધારો જોવા મળેલ છે.
    - કોરોના મહામારીમાં પણ બાળકોએ તેમની કક્ષા મુજબ શૈક્ષણિક કાર્ય સારુ કરેલ છે.
    - અભ્યાસક્રમની સાથે એકમ કસોટી આપી બાળકોએ પરીક્ષાનો પણ અનુભવ કર્યો.
    - વિધાર્થીઓએ ક્વિઝ દ્વારા જનરલ નોલેજની જાણકારી મેળવેલ છે.
    - હોશિયાર બાળકોએ મોટાભાગનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે.
    - વર્ચ્યુઅલ કલાસ રૂમ, વૉટ્સએપ કસોટી દ્વારા બાળકોને મોબાઈલનો શૈક્ષણિક ઉપયોગ કરતા શીખ્યા છે.
    - ટી.એલ.એમ.ના ઉપયોગથી બાળકો જાતે સરળતાથી વિષયવસ્તુ સમજી શક્યા છે.
    - શેરી શાળામાં ફળિયામાં બેસી ભણાવવાનો બાળકોને નવીન અનુભવ થયો.
- માલપુર તાલુકાની ભૂતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષિકા પટેલ લતાબેન વિઠ્ઠલભાઈ દ્વારા **શિક્ષક ધર્મ**નો નવતર શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવામાં આવેલ હતો.
- આ પ્રયોગમાં કુલ 384 બાળકોને જોડવામાં આવ્યાં હતાં.

- શિક્ષકે ગ્રામજનોમાં કોરોના મહામારીમાં જાગૃતિ લાવી કોરોનાથી બચવાના ઉપાયો અને સંક્રમિત થવાના કારણો અંગે માર્ગદર્શન પુરુ પાડયું, વિધાર્થીઓની મનોસામાજિક માવજત, બીક, પ્રશ્નો, મુંઝવણ અંગે માર્ગદર્શન આપ્યું, ટેકનોલોજીના અભાવે વિધાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે ઘરે ઘરે જઇને વિધાર્થીઓને શિક્ષણ આપવાના નવતર પ્રયોગો દ્વારા શિક્ષણ સાથે જોડી રાખવાનો પ્રયાસ કર્યો, નવીનતમ પ્રવૃત્તિ દ્વારા સ્વપ્રયત્ને ગોખણપટ્ટી વિનાનું શિક્ષણ આપ્યું અને અભ્યાસક્રમનું શિક્ષણકાર્ય સાથે એકમ કસોટી, ઘરે શીખીએ પુસ્તિકાઓ, દર્પણ ડાયરીનું માર્ગદર્શન જેવી જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.
- શિક્ષકે એકમ કસોટી, ઘરે શીખીએ પુસ્તિકા, વર્ગદર્પણ, પરિવારનો માળો, સલામત અને હૂંફાળો, SSAની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન, ડીડી ગીરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો, વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો, Whatsapp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8), વર્ચ્યુઅલ શિક્ષણ શેરીવર્ગ / ફળિયાશિક્ષણ, શાળાની પોતાની YouTube ચેનલ, YouTube પરની શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ, દીક્ષા એપ, ઓનલાઇન ક્વીઝ, અને વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત જેવા સરકારના કાર્યક્રમોનું સફળ અમલીકરણ કરેલ હતું.
- શેરી શાળામાં શિક્ષક દ્વારા પ્રત્યક્ષ આપવામાં આવતા શિક્ષણના મુલ્યાંકન માટે સ્વહસ્તાક્ષરે શૈક્ષણિક મુલ્યાંકન શીટ તૈયાર કરી એની ઝેરોક્ષ કોપી કરીને દરેક વિધાર્થીને વ્યક્તિગત આપી હતી અને બાળકોના શૈક્ષણિક સિદ્ધિના મુલ્યાંકનની ચકાસણી કરેલ હતી.
- શિક્ષકે ગૃહકાર્યના લેખન માટે દરેક વિધાર્થીને નોટબુક પેન, પેન્સિલ વગેરે જેવી સ્ટેશનરી સ્વખર્ચે પુરી પાડી હતી તેમજ વિધાર્થીઓ આપેલ ગૃહકાર્યની નિયમિત નોંધ અને નિયમિત ચકાસણી કરી હતી. જેથી પ્રયોગને સફળતા મળી હતી.
- શિક્ષકે હરતું ફરતું ગૃહકાર્ય, કાંકરાથી શીખીએ, પત્તે પે પત્તા, પસ્તીનાં રમકડાં જેવા નવતર કાર્ક્રમો દ્વારા વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિના પ્રયાસો હાથ ધર્યાં હતાં.
- શિક્ષકે એકમ કસોટી, સ્વ અધ્યયન પોથી, ધરે શીખીએ પુસ્તિકા,  પાઠ્યપુસ્તકોના લેખન, નિદાન કસોટી, અધ્યયન નિષ્પત્તિમાં જોવા મળેલ સિદ્ધિ, શેરી શાળામાં નિયમિત અપાતા ગૃહકાર્યની ચકાસણી, એકમ કસોટીઓની ચકાસણી, ઉપચારાત્મક શિક્ષણ કાર્ય, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વૉટ્સએપ ટેસ્ટને આધારે મૂલ્યાંકન કાર્ય હાથ ધર્યું.

- કચાશ ધરાવતા બાળકો માટે શિક્ષક દ્વારા સ્વ-હસ્તાક્ષરે મુલ્યાંકન શીટ દ્વારા લેખન કરાવીને તેને આધારે બાળકોનું શૈક્ષણિક મુલ્યાંકન કરેલ હતું.
- શિક્ષકના આ પ્રયાસોને કારણે કોરોના મહામારીના લોકડાઉન સમયમાં શાળાઓ બંધ હોવા છતાં વિધાર્થીઓ શિક્ષણકાર્ય સાથે જોડાઇ રહ્યા.
- બાળકો અધ્યયન નિષ્પત્તિઓની સિધ્ધિ પ્રાપ્ત કરી, સ્વાધ્યાયપોથી અને ઘરે શીખીએ પુસ્તિકા, દર્પણ ડાયરીનું કાર્ય કરી શક્યા તેમજ એકમ કસોટી અને નિદાન કસોટી આપી શક્યા.

## 4.3 ભલામણો :

પ્રસ્તુત સંશોધન અંતર્ગત અભ્યાસ હેઠળ રહેલી કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગનો પ્રચાર-પ્રસાર થાય, મહત્તમ શિક્ષકો આ પ્રયોગમાંથી પ્રેરણા લઇ પોતાની શાળામાં આવા નવતર પ્રયોગો હાથ ધરે તે માટે શિક્ષકોને આવા શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોનો પોતાની શાળામાં અમલ કરે તે માટે નીચે મુજબની ભલામણ કરવી જોઇએ.

- ડાયેટના મુખપત્રમાં નવતર પ્રયોગ કરનાર શિક્ષકોના પ્રયોગની વિસ્તૃત નોંધ લેખ સ્વરૂપે મુકવી જોઇએ.
- ડાયેટની વેબસાઇટ કે ડાયેટના બ્લોગમાં જિલ્લાના નવતર શૈક્ષણિક કે સહશૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકોની સકસેસ સ્ટોરી રજૂ કરવી જોઇએ.
- આકાશવાણી કે દૂરદર્શન પર નવતર શૈક્ષણિક પ્રયોગ કરનાર શિક્ષકો સાથેનો વાર્તાલાપ ગોઠવવો જોઇએ.
- ડાયેટ દ્વારા નવતર પ્રયોગ કરનાર શિક્ષકોના શૈક્ષણિક ઇનોવેશનમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા જોઇએ.
- નવતર પ્રયોગ કરનાર શિક્ષકોની શાળાની એકસ્પોઝર વિજિટનું ડાયેટ દ્વારા આયોજન કરવું જોઇએ.
- નવતર શૈક્ષણિક પ્રયોગનો પ્રચાર-પ્રસાર થાય તે માટે સ્થાનિક અખબારમાં વિગતો મુકવી જોઇએ.

## 4.4 ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધન દ્વારા કોરોના વાયરસથી ફેલાયેલ મહામારીની વિકટ આપત્તિને અવસરમાં પલટાવી નવી દિશા ખોલનારા શિક્ષકોની વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે રચનાત્મક પ્રવૃત્તિઓ અને નવતર શૈક્ષણિક કે સહશૈક્ષણિક પ્રયોગને તપાસવામાં આવ્યાં હતાં

શિક્ષકોના આ નવતર શૈક્ષણિક કે સહશૈક્ષણિક પ્રયોગોને આધારે ચાવીરૂપ તારણો તારવી આ પ્રયોગમાંથી પ્રેરણા લઇ શિક્ષકો પોતાની શાળામાં આવા નવતર પ્રયોગો હાથ ધરે તે માટે શિક્ષકોને ભલામણ કરવામાં આવી હતી.

શિક્ષકોના આવા સઘન શૈક્ષણિક પ્રયત્નો અને પ્રયોગોને પ્રચાર-પ્રસાર દ્વારા વધુ વેગ મળે તે માટે પ્રસ્તુત સંશોધન ખૂબ ઉપયોગી બનશે.

# સંદર્ભ સૂચિ

ડૉ. દિનેશચંદ્ર ઉચાટ,*'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર,* પ્રથમ આવૃત્તિ, (સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., 2009)

એચ.જી.દેસાઇ અને દેસાઇ કે.જી., *સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ,* છટ્ઠી આવૃત્તિ, (અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, 1997)

હરિભાઇ જી.દેસાઇ અને દેસાઇ કૃષ્ણકાંત જી., *સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ,* છટ્ઠી આવૃત્તિ, (અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, 1997)

વિધાર્થીઓનું શિક્ષણ કાર્ય ઘરે બેઠા જળવાઈ રહે માટે GCERT દ્વારા નક્કર આયોજન કરાયું. (સમાચાર સેવા પ્રભાગ આકાશવાણી દ્વારા પ્રકાશિત સમાચાર)

**પરિશિષ્ટ-1**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઇડર

## સંશોધક દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિ

1. શાળાનું નામ

2. પ્રસ્તાવના

3. વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા

4. કરેલ નવતર પ્રયોગનું શીર્ષક

5. કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર

6. કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ

7. કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા

8. સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી

9. અન્ય કામગીરીની વિગત

10. કાર્યક્રમનું અમલીકરણ

11. બાળકોનું મુલ્યાંકન

12. પરિણામ / તારણ

13. ફોટોગ્રાફ